
# બરકાતે દુઆ



ફક્ત ઇમામી ઇસ્માઇલીઓ માટે

★

# બરકાતે દુઆ

★

પ્રકાશક:
ઇસ્માઇલીયા એસોસીએશન ફોર પાકિસ્તાન
૨૩૦/૧, ડીકરૂઝ રોડ, ગાર્ડન ઇસ્ટ,
કરાચી–૩.

સર્વ હક્ક સ્વાધીન

આવૃત્તિ પહેલી

જુન ૧૯૭૫ પ્રત ૩૦૦૦

ઉર્દૂમાં લખનાર:
ફકીર મુહમ્મદ અબ્દુલ ખાલિક
એમ. એ.

ગુજરાતી તરજુમો:
અબ્દુલઅઝીઝ અબ્દુલ્લાહ ગીલાણી

મુદ્રક:
ગુલકો પ્રિન્ટર્સ
તાલપુર રોડ, (વુડ સ્ટ્રીટ), કરાચી–૨
ફોન: ૨૩૮૫૪૪

# અનુક્રમણિકા


| નંબર | વિષય | પાનું |
|---|---|---|
| | **પાઠ પહેલો** | |
| | ઇલાહી શનાખ્ત : | |
| ૧ | સુરતુલ ફાતિહાની ફઝીલત … … | ૧ |
| ૨ | તસ્મિયાનું સ્પષ્ટિકરણ … … | ૩ |
| ૩ | સૂરહ ફાતિહાનું સ્પષ્ટિકરણ … … | ૧૦ |
| ૪ | અલ્લાહતઆલાની તારીફ અને સ્તુતિ … | ૧૧ |
| ૫ | ઉલુહિયત … … … | ૧૧ |
| ૬ | રબુબિયત … … … | ૧૨ |
| ૭ | આલમીન … … … | ૧૨ |
| ૮ | શારીરિક અને રૂહાની રહેમત … … | ૧૩ |
| ૯ | માલિકિયતિમદ્દીન … … … | ૧૪ |
| ૧૦ | ઇખ્લાસ … … … … | ૧૪ |
| ૧૧ | ઇબાદત … … … … | ૧૫ |
| ૧૨ | ઇસ્તઆનત (મદદની યાચના) … … | ૧૮ |
| ૧૩ | સિરાતે મુસ્તકીમ અને તેના તરફની હિદાયત | ૨૦ |
| ૧૪ | એ લોકો કે જેઓ પર અલ્લાહે ઇનામ ફરમાવ્યું | ૨૨ |
| ૧૫ | ગઝબે ઇલાહી … … … | ૨૪ |
| ૧૬ | ઝલાલત (ગુમરાહી)… … … | ૨૭ |
| ૧૭ | કુવ્વત (શકિત) … … … | ૨૮ |
| ૧૮ | ઇસ્મત અને રક્ષણ … … … | ૨૯ |
| ૧૯ | સલવાત … … … … | ૨૯ |
| ૨૦ | સિજદાની હકીકત … … .. | ૩૭ |

| નંબર | વિષય | પાનું |
| --- | --- | --- |

## પાઠ બીજો

| | | |
| --- | --- | --- |
| ૨૧ | ઇમામે વકતની ઓળખ ... ... | ૪૦ |
| ૨૨ | ઇમામે મુબીનનો મર્તબો ... ... | ૪૫ |
| ૨૩ | સલામ ... ... ... ... | ૪૮ |
| ૨૪ | યા અલી મદદનો ખુલાસો ... ... | ૪૮ |
| ૨૫ | કલિમાએ ઇખ્લાસ ... ... ... | ૪૯ |

## પાઠ ત્રીજો

| | | |
| --- | --- | --- |
| ૨૬ | કુર્આનની તબ્લીગનો અંતિમ હેતુ: વિલાયત | ૭૭ |

## પાઠ ચોથો

| | | |
| --- | --- | --- |
| ૨૭ | હકીકી બયઅત માટે પયગમ્બર અથવા ઇમામે ઝમાનની મૌજુદગી ... ... | ૮૬ |

## પાઠ પાંચમો

| | | |
| --- | --- | --- |
| ૨૮ | મુ'મિનને સોંપાએલ અમાનતોની સંભાળ... | ૯૮ |

## પાઠ છઠ્ઠો

| | | |
| --- | --- | --- |
| ૨૯ | તૌહીદ ... ... ... ... | ૧૦૬ |
| ૩૦ | પંજતનપાકની મહાનતા અને પવિત્ર ઇમામોનો વંશાવેલો ... ... | ૧૧૧ |

# શુધ્ધિ પત્રક

| પાના | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૮ | ૨૧ | ઉલ્યા | ઉલિયા |
| ૧૦ | ૧૩ | હિદાયતની | હિદાયતના |
| ૨૧ | ૭ | માટે | માં |
| ૨૪ | ૧૬ | અફ્લાહુ | અફ્લહુ |
| ૩૩ | ૧૭ | તાઝી | તારી |
| ૪૨ | ૧૬ | લિતકરઅવું | લિતકરઅહુ |
| ૪૭ | ૧૦ | ઇલયકા | ઇલયક |
| ૭૪ | ૧૦ | ઇખ્સાસ | ઇખ્લાસ |
| ૭૪ | ૧૫ | ગવાની | ગવાહી |
| ૮૦ | ૭ | દઆઇઝુલ | દઆઇસુલ |
| ૮૧ | ૨૧ | વબિહા બિલ | વ બિહા વ બિલ |
| ૮૩ | ૩ | ઇલ્લલ્લાહુલ | ઇલ્લલ્લાહુ |
| ૮૯ | ૧૭ | ઉમિન | ઉઝનુન |
| ૯૧ | ૧૦ | ઇનહુદાકુમ | અન હુદાકુમ |
| ૯૨ | ૩ | ઇલઇય્ય | ઇલય્ય |
| ૧૦૭ | ૬ | ઇલલ્લલ્લાહુ | ઇલ્લલ્લાહુ |
| ૧૦૮ | ૧૦ | અસ્મદનો | અસ્સમદનો |

પાના ૫૦નું અનુસંધાન પાના ૬૯ ઉપર

# બરકાતે દુઆ

## બે બોલ

"દુઆ" — આ શબ્દ 'દાઆ' માંથી બનેલો છે. દાઆનો મતલબ છે (અલ્લાહ માટેની) પુકાર! અલ્લાહતઆલા કે જે બધાનો સરજણહાર છે અને પાલણહાર પણ છે. એ પુકાર એટલા માટે જરૂરી છે કે તે દ્વારા આપણે તેની વધુ સમિપ આવીયેં અને એ રહીમો રહેમાન તરફની રહેમતો મેળવી શકીયેં. ખરેખર અલ્લાહ ચાહનારાઓને નવાઝે છે.

પાક કુરાને શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે: "અને જ્યારે મારા બંદાઓ તને મારા બારામાં પુછે છે તો ખરેખર હું તેમની પાસેજ છું. જ્યારે મારો બંદો મને પુકારે છે તો હું તેનો જવાબ આપું છું." (૨:૧૮૬) કુરાને શરીફમાં ખુદાની યાદ માટે જે બીજો શબ્દ આવેલો છે: તે છે 'સલાત', જેનો મતલબ છે બંદગી, શાંતિ. બંદગીથી ખરૂં સુખ અને શાંતિ મેળવી શકાય છે. વળી સલાત (બંદગી) અલ્લાહ અને બંદા વચ્ચેની કડી છે, અને તે માટે બંધ બેસ્તુંજ કહેવામાં આવેલ છે કે: "અસ્સલાતુ સિલતુન બયનલઅબ્દિ વ રબ્બ" યાને સલાત (બંદગી) બંદા અને તેના રબ વચ્ચેની સાંકળ છે. આ બંદગીની ક્રીયા અલ્લાહ સાથેની નઝદીકી પ્રાપ્ત કરાવે છે. બંદો પોતાના માલિકની સમિપ આવે છે અને તેની રહેમતો

મેળવવા માટે ભાગ્યશાળી બને છે; યાને શાંતીના સાગરમાંથી શાંતીનું પાન કરે છે. જેવી રીતે મહા સમુદ્ર સાથે સંકળાએલું ઝરણું હંમેશા પાણીથી ભરેલું હોય છે, તેજ પ્રમાણે મોમિન બંદો પોતાના મહેબુબે હકીકીના સુખ સાગરના સંપર્કમાં રહી સુખ અને આનંદથી ભરપુર રહે છે.

હવે આપણે અલ્લાહના ગુણો તરફ આવીયે. 'અહદ' યાને એક. તે અલ્લાહ એક છે યાને તે પોતાની રહેમતોથી સર્વે જગ્યાએ છવાએલો છે; તે એટલો મહાન છે કે કે તે સિવાયની બધી મહાનતાઓ તેમાં સમાઇ જાય છે. તે 'હય્યુલ કય્યુમ' યાને હયાત અને કાયમ છે. તેની હયાતી અબદી છે યાને સદા રહેનારી છે, યાને તે અનંત છે. તે 'સુબ્હાન' યાને સર્વ (કલ્પનાઓ) થી પાક છે, અને તે 'અસ્સમદ' યાને બે નિયાઝ છે. તે 'વહાબ' છે યાને પુષ્કળ દેનારો છે. અલ્લાહતઆલાના આવા ગુણોથી પુરેપુરી રીતે ખબરદાર થઇ બંદો પોતાના માલિક સાથે એવાજ સંબંધ જોડે છે, જેના પરિણામે તે તેની જાતમાં તન્મય બની જાય છે. જેમકે કહેવામાં આવ્યું છે કે: "તુખલ્લિકૂ બિ અખ્લાકિલ્લાહ" યાને ખુદાના જે ગુણો છે તેમાં એક રસ થઇ જવું યાને ઇલાહિ રંગમાં રંગાઇ જવું.

દુઆ બંદગીનું પહેલું પગથીયું છે. અલ્લાહની મહાનતાના ગુણગાન, કે જેથી બંદો નિરંતર તેની રહેમતોથી માલા માલ રહે. એટલાજ માટે દુઆની શરૂઆત હંમેશા અલ્લાહની હમ્દો-સના (ગુણગાન) થી થાય છે:

"અલહમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન" યાને 'દરેક વખાણ અલ્લાહના છે કે જે સર્વેનો પાલણહાર છે.'

તે બાદ અલ્લાહનો વફાદાર બંદો પોતા માટે, પોતાના સગાવ્હાલાઓ અને આમ ખલ્કત માટે રહેમતો માંગે છે. આથી પુરવાર થાય છે કે તે અલ્લાહની રહેમતોમાં પુરેપુરૂં ઇમાન રાખે છે, અને એ કે તે હંમેશા તેના વિશાળ દરિયામાંથી અમીનું પાન કરવા તેની ગરજ સારતો રહેશે. જેવી રીતે કુરાને શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે: "અને અલ્લાહ ખઝાનાઓનો માલિક છે અને તમો લાચાર (તેના મોહતાજ) છો." (૪૭:૩૮)

ઇન્સાન દુનીયાદાર છે, તે સંજોગોને આધીન છે. આથી, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાએલો હોય છે. રાત્રિ અને દિવસ દરમિયાન તે કેટલીએ ભૂલો કરે છે, તેનાથી જાણે અજાણે ગુન્હા પણ થઇ જાય છે કે જેથી પોતાની રૂહાની ફરજો બજાવવામાં પણ તે અધુરો રહે છે. એ કારણે એ જરૂરી બની જાય છે કે તે પોતાના માલિક પરવરદિગારની હુઝુરમાં નિયમિત રીતે પહોંચી જાય અને ગુન્હાઓની માફી માંગે, ગીરીયાઝારી કરે કે જેથી તે શફા બક્ષણહારના દરબારમાંથી શફા (ગુન્હામાંથી છુટકારો) મેળવી શકે. દરેક વફાદાર બંદાની ઇબાદતના આ મુખ્ય અંગો છે. આપણા માટે આપણી બંદગીની એક ખાસ વિશિષ્ઠતા એ છે કે આપણે અલ્લાહની ઇબાદતની સાથે સાથે અલ્લાહની હુજ્જત — તેના પ્યારા પયગમ્બર અને ઇમામે મુબીન પ્રત્યે વફાદારી બતાવવાની તક

હાથ ધરીએ છીયે, અને તેઓ પ્રત્યેના આપણા ભકિતભાવ અને પ્યાર પેશ કરીયે છીયે અને તેઓને આપણા રૂહાની મા-બાપની જેમ પ્યારથી પુકારીયે છીએ. જો આપણે આપણી બંદગી ઉપર પ્રમાણેના બધા ધ્યેયોને ધ્યાનમાં રાખી, તેના સાચા અને પવિત્ર અર્થમાં કરશું તો ઇન્શાઅલ્લાહ તે આપણી ઝિંદગી માટેની એક ઉચ્ચ ન્યામત બની રહેશે. જેમકે હઝરત પયગમ્બરે ફરમાવ્યું છે કેઃ

"બંદગી મારી આંખોની ઠંડક છે."
"બંદગી મોમિનો માટે મએરાજ છે."

કાસમઅલી મુહમ્મદ જાફર
પ્રેસીડેન્ટ
ઇસમાઇલીયા એસોસીએશન
ફોર પાકીસ્તાન

કરાચી, ૨ નવેંબર ૧૯૭૪

(પાઠ પહેલો)

# ઈલાહી શનાખત

## સૂરતુલ ફાતિહા

બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ

અલહમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન. અર્રહ્‌માનિર્રહીમિ માલિકિ યવ્મિદ્દીન. ઇય્યાક નઅબુદુ વ ઇય્યાક નસ્તઇન. ઇહદિનસ્સિરાતલ મુસ્તકીમ સિરાતલ્લઝીન અન્અમ્ત અલયહિમ, ગયરિલ મગઝૂબિ અલયહિમ વલઝ-ઝાલ્લીન.

બેહદ કૃપાળુ (અને) દયાળુ અલ્લાહના નામથી (શરૂ કરું છું).

સર્વ વખાણ અલ્લાહ માટેજ છે, જે સઘળી મખ્લુકાતનો પરવરદિગાર છે, ઘણો કૃપાળુ (અને) અત્યંત દયાળુ છે, જે કયામતના દિવસનો માલિક છે (એ અલ્લાહ) અમે ફક્ત તારીજ ઇબાદત કરીએ છીએ અને અમે ફક્ત તારીજ મદદ ચાહીએ છીએ. તું અમને સીધા માર્ગે ચલાવ, તે લોકોના માર્ગ પર કે જેઓ પર તેં નિઅમતો ફરમાવી. તેઓના માર્ગ પર નહિ, કે જેઓ તારા કોપને પાત્ર થયા અને ન કે જેઓ અવળે માર્ગે ગયા.

સૂરતુલ ફાતિહાની વિશિષ્ઠતાને કારણે તેને કેટલાંયે નામ આપવામાં આવ્યાં છે. એને ફાતિહતુલ કિતાબ, ઉમ્મુલ કુર્આન, સૂરતુલ કન્ઝ વલ વાફિયહ, સૂરતુલ હુમ્દ, અસ્સબઉલ મસાની, સૂરતુસ્સલાત, સૂરતુશિશફાઅ વશ્શાફિયહ વગેરે કહેવામાં આવે છે. આ સૂરહ વિષે એમ કહેવાય છે કે એ, મક્કામાં સૂરતુલ અલકની પ્રારંભિક પાંચ આયતો પછી નાઝિલ થઇ અને કેટલાકનું કહેવું છે કે એ મક્કા અને મદીના બન્ને જગ્યાએ ઉતરી છે. આ સૂરહને ફાતિહા એ કારણે કહેવામાં આવે છે કે એનાથી કુર્આને મજીદની શરૂઆત થાય છે. એને ઉમ્મુલ કુર્આન એ માટે કહે છે કે આ સૂરહ આખા કુર્આને મજીદનો સાર છે અને સૂરતુલ કન્ઝ વલ વાફિયહ પણ એજ અર્થમાં કહેવામાં આવે છે કે તેમાં કુર્આનના રહસ્યોનો ખજાનો છે. સૂરતુલ હુમ્દ એ માટે કહે છે કે આ સૂરહ ખુદાની સ્તુતિથી શરૂ થાય છે. અસ્સબઉલ મસાની એ કારણે કહેવામાં આવે છે કે તેની સાત આયતોનું પુનરાવર્તન દરેક રકઅતમાં કરવામાં આવે છે, ઉપરાંત તે મક્કા અને મદીનામાં બે વખત ઉતરી છે. તેમજ તેને સૂરતુસ્સલાત એ કારણે કહેવામાં આવે છે કે તેના વગર નમાઝ સંપૂર્ણ થતી નથી. અને સૂરતુશિશફાઅ વશ્શાફિયહ એ માટે કહેવામાં આવે છે કે તેના પઠનથી રૂહાની આરોગ્ય પ્રાપ્ત થાય છે.

આ સૂરહમાં કુલ સાત આયતો છે અને તેના વિષે તમામ ઇસ્લામી મઝહબો, એકમત છે પરંતુ આયતોની ગણત્રીમાં મત-ભેદ જોવામાં આવે છે. કેટલાક 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'ને સૂરતુલ ફાતિહાનો એક ભાગ માનીને સાત આયતો ગણે છે

અને કેટલાક તેને એ સૂરહનો ભાગ નથી માનતા બલ્કે તેને બદલે 'અનઅમ્ત અલયહિમ'ને એક આયત ગણીને સાત આયતોની ગણત્રી કરે છે.

દા. ત. મદીના, બસરા અને શામના કારીઓ તેમજ ફિકહ શાસ્ત્રીઓ બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'ને ફાતિહાનો ભાગ નથી માનતા જ્યારે તેનાથી ઉલ્ટું મક્કા અને કુફાના કારી તથા ફિકહ શાસ્ત્રીઓ અન અમ્ત અલયહિમને આયત નથી માનતા બલ્કે તેને બદલે 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'ને સૂરહની એક આયત માને છે.

<u>તસ્મિયાનું સ્પષ્ટિકરણ</u>

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ: એ અલ્લાહ તઆલાના કલિમાતી નામોમાંથી એક છે અને અત્યંત રૂહાની તથા તાત્વિક લાભો તેમજ બરકતોથી ભરપુર છે. જેમ કે ખુદ કુર્આને શરીફમાં કહેવામાં આવ્યું છે કે "તબારકસ્મુ રબ્બિક ઝિલ જલાલિ વલ ઇકરામ" (૫૫-૭૮) યાને "મહાન બરકત સભર છે તારા પરવરદિગારનું નામ જે જલાલત (પ્રભાવ) અને કરામતવાળો છે."

તફસીર અને હદીસની કિતાબોમાં બિસ્મિલ્લાહની ઘણી બધી ફઝીલતો (મહિમા) વર્ણવવામાં આવી છે અને તેમાં જે સૌથી મહત્વની હકીકત છે એ ઇમામત તથા કુર્આને મજીદનો

પરસ્પર સંબંધ છે જે વિષે રસૂલે અકરમ (સ.અ.વ.)નું ઇરશાદ છે કે "એ બન્ને કયારે પણ એક બીજાથી વિખુટા નહિ થાય" તો એ સંબંધે હઝરત અમીરૂલ મુ'મિનીન હ. અલી (અ.સ.)નું મશહુર મુખ વચન છે કે "જે કંઇ કુર્આનમાં છે તે 'સૂરહ હમ્દ'માં છે જે 'સૂરહુ હમ્દ'માં છે એ બધું 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ'માં છે અને જે કંઇ 'બિસ્મિલ્લાહુ'માં છે એ બે'ના નુકતામાં છે" અને 'બે'ના નુકતા વિષે આપે ફરમાવ્યું કે "અના નુકતતુલ્લતી-તહતલ બાઅ" અર્થાંત "હું એ નુકતો છું જે 'બે'ની નીચે છે."

આ ઉપરથી એ પરિણામ પર પહોંચી શકાય છે કે કુર્આનની હકીકત હઝરત મૌલાના અલી (અ.સ.) અને તેમના પછી તેમની આલે અત્હાર અ.સ.ના પવિત્ર વજૂદની અંદર સમાયેલી છે અને તેનું સ્પષ્ટિકરણ હ. રસૂલે કરીમ (સ.અ.વ.)ની એ હદીસ પરથી પણ થાય છે કે "અલિય્યુમ મઅલ કુર્આન વલ કુર્આનુ મઅ અલી" યાને "હઝરત મૌલાના અલી અ.સ. કુર્આનની સાથે છે અને કુર્આન હઝરત અલી અ.સ.ની સાથે છે."

આ હકીકતની વધુ સ્પષ્ટતા માટે 'એડવર્ડ કલાર્ડ'ની વર્ણમાળાનું સંશોધન જોઇએ. એ પોતાના પુસ્તક 'Story of Alphabet' "સ્ટોરી ઓફ અલ્ફાબેટ"માં વર્ણમાળાનું વિસ્તૃત બયાન કરતાં 'બે' વિષે લખે છે કે 'બે'નો અક્ષર મૂળમાં તો 'બયત' (ઘર) હતો જેમાંથી ટુંકો થઇને 'બે'

બની ગયો છે અને 'બે'ની નીચે જે નુકતો છે તેનો ભાવાર્થ ઘરનો માલિક છે.

હવે 'બે' અક્ષરની રચના પર વિચારવામાં આવે કે કુર્આને કરીમની દરેક સૂરહ (સૂરહ તવબહ સિવાય)ની શરૂઆતમાં તેના આવવામાં શું હિકમત છે; તો આપણને એ ઇશારો મળે છે કે ખુદાતઆલાની પવિત્ર કિતાબ જે કાયનાતની હકીકતો અને સૃષ્ટિના રહસ્યોથી ભરપૂર છે તેની હિકમત એક ખાસ ઘરની અંદર છુપાયેલી છે તેથી સંકેત તરીકે કુર્આને કરીમમાં આવ્યું છે કે 'ઇન્નહૂલ કુર્આનુન કરીમુન ફી કિતાબિમ મકનૂનિલ, લા યમસ્સુહુ ઇલ્લલ મુતહહરૂન' ૫૬/૭૭ થી ૭૯. "ખરેખર એ પ્રતિષ્ઠિત કુર્આન છે જે ગુપ્ત કિતાબમાં છે. તેને કોઇ અડકતું નથી સિવાય તેઓ કે જેઓને પવિત્ર કરવામાં આવ્યા છે." આ આયતે કરીમા ઉપરથી એ માલુમ થાય છે કે કુર્આને કરીમ, હકીકતમાં એક છુપો ખજાનો છે અને ત્યાં સુધી દરેક માણસ પહોંચી નથી શકતો!

હવે એ કુર્આની ખજાના વિષેની બીજી સંબંધિત આયતો પર વિચાર કરવામાં આવે તો જણાશે કે તે ખજાનો કોઇ ભૌતિક ભંડાર નથી બલ્કે એ ખજાનો તે લોકોના હૃદયમાં છે, જેમને ઇલ્મ આપવામાં આવ્યું છે. તેથી કુર્આને મજીદમાં આવ્યું છે, કે: "બલ હુવ આયાતુમ બૈયિનાતુન ફી સુદૂરિલ્લ-ઝીન ઊતુલ ઇલ્મ. ૨૯/૪૯. "બલ્કે તે (કુર્આન) તો એવા લોકોના અંતઃકરણોમાં સ્પષ્ટ દલીલો રૂપે છે જેમને ઇલ્મ આપવામાં આવ્યું છે." અને એજ સાહિબાને ઇલ્મ (જ્ઞાનના

સાહેબો) નો ઉલ્લેખ બીજી આયાતમાં "અહેલુઝિઝક" (અહેલુલ કુર્આન) અને 'રાસિખૂન ફિલ ઇલ્મ'ના નામથી કરવામાં આવ્યો છે અને તેમનાથીજ દરેક ન જાણી શકાતી વાત પૂછવાનો હુકમ છે અને સ્પષ્ટ છે, કે એ 'સાહિબાને ઇલ્મ' અંબિયા (નબીઓ) તથા અઇમ્મહ (ઇમામો) અલયહિમુસ્સલામજ છે.

તેથી પયગમ્બર અ.સ. પોતાના દોર (જમાના) ની સૌથી મોટી હસ્તી છે જેમને સૌથી વધારે ઇલ્મ આપવામાં આવ્યું છે અને તેમની ઝાત આ આયત મુજબ જાણે ઇસરારે રબ્બાની (ખુદાઇ રહસ્યો) નો ખજાનો અથવા ઘર સમાન છે અને જ્યારે ખુદાઇ રહસ્યોનો ખજાનો મોજૂદ છે, તો હિકમતની દ્રષ્ટિએ એ ખજાના અથવા ઘરમાં પ્રવેશવા માટે દરવાજામાં થઇને જવું પડશે અને દરવાજા સિવાય જે કોઇ ખજાનામાં દાખલ થવાની કોશિષ કરશે તેને ચોર સમજવામાં આવશે અને જેવી રીતે આ ખજાનો ભૌતિક નહિ પણ એક પવિત્ર હસ્તી છે એજ પ્રમાણે એ દરવાજો પણ કોઇ ભૌતિક દરવાજો નહિ પરંતુ એક મુકદ્દસ (પવિત્ર) હસ્તી છે જે એ ખજાનાના રખેવાળ તરીકેની હેસિયત ધરાવે છે અને આ ખજાનાના દરવાજા અથવા પયગમ્બર (સ.અ.વ.) ની વિદ્યાઓના અમીન, જાહેરી તેમજ બાતિની બન્ને દ્રષ્ટિએ હઝરત અમીરૂલ મુ'મિનીન અલી (અ.સ.)ની પવિત્ર ઝાત છે જેમના વિષે હ. પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યુ છે કે: "અના મદીનતુલ ઇલ્મિ વ અલિય્યુમ બાબુહા ફમન અરાદલ ઇલ્મ ફલ ય'તિલ બાબ"

અર્થાત "હું ઇલ્મનું શહેર છું અને અલી (અ.સ.) તેના દરવાજા છે તો જે માણસ ઇલ્મ મેળવવા ઇચ્છતો હોય તેણે દરવાજામાંથી આવવું જોઇએ."

તો સાચી રીતે કુઆનના રહસ્યો તથા સત્યો સુધી પહોંચવાનો એક માત્ર વસીલો (આધાર), એ ઝાત છે જે દરવાજાનું સ્થાન ધરાવે છે. આવી રીતે કુઆને કરીમનો સાર બિસ્મિલ્લાહમાં અને બિસ્મિલ્લાહનો સાર 'બે'માં અને 'બે'નો સાર 'બે'ના નુકતામાં હોવાનો અર્થ એજ છે કે તમામ ખુદાવંદી રહસ્યોના રક્ષક તરીકે આં હઝરત (સ.અ.વ.)ની ઝાતે પાક છે અને તેમના પછી એ ખજાનાના રખેવાળ તેમના તથા તેમની પવિત્ર આલ છે. તેથી હઝરત અમીરૂલ મુ'મિનીન અલી (અ.સ.)એ એજ અર્થમાં ફરમાવ્યું છે કે "અનાનુકતનુલ્લતી તહતલ બાઇ બિસ્મિલ્લાહ" યાને હું બિસ્મિલ્લાહની 'બે'ની નીચેનો નુકતો છું."

બિસ્મિલ્લાહમાં 'બે'ના અક્ષર પછી ઇસ્મ આવે છે. ઇસ્મનો ભાવાર્થ એ ચિન્હ અથવા નિશાની છે જે કોઇ ચીજના ગુણ કે સ્વભાવનો નિર્દેશ કરતી હોય. આ એક સર્વમાન્ય હકીકત છે કે જે ચીજ સૃષ્ટિમાં, જેટલી હદે ઉચ્ચ મર્તબાવાળી હોય તેના માટે એક એવા નામની જરૂર પડે છે જે એના સમસ્ત ગુણ અને સ્વભાવનો નિર્દેશ કરી શકે. બીજા શબ્દોમાં કહીએ તો એ પોતે તે ગુણોનું મઝહર (પ્રગટ સ્થાન) થઇ શકે અને આ હકીકત આધુનિક વિજ્ઞાનના **(Nemenclature)** નામકરણની પદ્ધતિમાં પણ માન્ય

રાખવામાં આવી છે. આ દ્રષ્ટિએ જોવામાં આવે તો આપણે એ પરિણામ પર પહોંચીશું કે અગર ખુદાનું કોઇ નામ હોઇ શકે છે તો તે ઉત્પન્ન થયેલી તમામ ચીજોથી સર્વોત્તમ મખ્લુક (ઉત્પત્તિ) હશે જે ખુદાઇ ગુણોથી નિકટ હોય. બલ્કે એવી હોય કે ખુદાઇ ગુણો તેની મારફતે પ્રગટ થઇ શકે. એ રીતે આ મર્તબાને લાયક સૃષ્ટિમાં માનવી છે અને ઇન્સાનોમાંથી ખુદાએ દરેક જમાનાને માટે પોતાના ખલીફા અને જાનશીન તરીકે એક હસ્તીને નબી અથવા ઇમામ તરીકે નિયુકત ફરમાવી છે અને એજ દ્રષ્ટિએ ખુદાના હકીકી નામ, અંબિયા તથા અઇમ્મહ અલયહિમુસ્સલામ છે. આમ આ હકીકત કુર્આની આદેશ ઉપરથી પણ સાબિત થાય છે, જેમાં ખુદાએ હઝરત ઇસા (અ.સ.) ને પોતાના કલિમહ ઠરાવ્યા છે, "ઇન્નમલ મસીહુ ઇસબ્નુ મરયમ રસૂલુલ્લાહિ વ કલિમતુહ" ૪–૧૭૧ "બેશક મસીહ ઇસા ઇબ્ને મરયમ અલ્લાહ તઆલાના રસૂલ અને તેના કલિમહ સિવાય અન્ય કશું નથી" વળી ફરમાવવામાં આવ્યું છે; "ઇન્નલ્લાહ યુબશ્શિરૂકિ બિ કલિમતિમ મિન્હુસ્મુહુલ ઇસબ્નુ મરયમ" ૩–૪૫ "અલ્લાહતઆલા તમને એક કલિમહની ખુશ ખબરી આપે છે જે તેના તરફથી છે તેનું નામ મસિહ ઇસા ઇબ્ને મરયમ હશે." વળી હઝરત મૌલાના મુર્તઝા અલી અ.સ. પોતાની શાનમાં ફરમાવે છે; નહનુ અસ્માઉલ્લાહિલ હુસ્ના વ સિફાતુહુલ ઉલ્યા બિના યુ'બુદુલ્લાહુ વ બિના યુ'રિફુહુ. અર્થ: "અમે અલ્લાહતઆલાના સુંદર નામો છીએ અને તેના શ્રેષ્ઠતમ સદગુણો છીએ અમારી મારફત ખુદાની ઇબાદત કરવામાં આવે છે અને અમારી મારફત તેને ઓળખી શકાય છે."

અને જેમકે ખુદાની ઓળખાણને માટે તેના નામ અને કલિમહની દરેક જમાનામાં જરૂરત છે, એ માટે એજ કલિમહને અઇમ્મએ તાહેરીન (પવિત્ર ઇમામો) ની પેઢી અને પરંપરામાં હંમેશાને માટે બાકી રાખવામાં આવ્યો છે તેથી કલામે શરીફમાં ફરમાવેલ છે કે: "વજઅલહા કલિમતમ બાકિયતન ફી અકિબિહ" ૪૩–૨૮ "અને તેણે તેને પોતાની ઓલાદમાં બાકી રહેનાર કલિમહ ઠરાવ્યો." તો સ્પષ્ટ થયું કે અંબિયા તથા અઇમ્મહજ ખુદાના સાચા નામ છે અને જેવી રીતે કે નામ, નામીની ઓળખાણનો વસીલો હોય છે એજ રીતે અંબિયા અને અઇમ્મહ અ.સ. ખુદાઇ મારિફતના વસીલા છે અને ખુદાની મારિફતને માટે તેમનો વસીલો શોધવા માટે ખુદાવંદ તઆલાનો આદેશ છે કે, "વબ્તગુ ઇલયહિલ વસીલહ" ૫–૩૫ "અને તેની તરફ પહોંચવા માટે વસીલો શોધો."

"ઇસ્મ" પછી શબ્દ "અલ્લાહ" આવે છે અલ્લાહનો શબ્દ સાચી રીતે "અલ ઇલાહ" છે તે "ઇલાહ"નું સર્વ નામ છે. પરંતુ આ શબ્દ વધુ પડતા વપરાશને કારણે "અલ્લાહ" થઇ ગયો અને સર્વ નામ થઇ ગયા પછી "અલ્લાહ" ઘણે ભાગે વાજિબુલ વુજૂદ (આવશ્યક અનાદિ અસ્તિત્વ) ના અર્થમાં પણ આવેલ છે અને કયારેક એ મઅબૂદનો અર્થ પણ ધરાવે છે જેમ કે "વહુવલ્લાહુ ફિસ્સમાવાતિ વ ફિલઅર્ઝ" ૬–૩ અર્થાત આસ્માનો અને જમીનોમાં એજ મઅબૂદ છે."

તેના પછી "રહેમાન" અને "રહીમ" એ બન્ને ખુદાના સિફાતિ નામ છે જે નબુવ્વત તથા ઇમામતના રહસ્યો તરફ

ઇશારો કરે છે. રહેમાન ખુદાનું ખાસ નામ છે અને તેની સિફત (ગુણ અથવા પ્રકૃતિ) સર્વ સામાન્ય છે અને રહીમ એક સામાન્ય નામ છે પરંતુ તેની સિફત ખાસ (વિશિષ્ઠ) છે. જેવી રીતે કે નબી એક ખાસ શબ્દ છે જે કોઇ બીજાને માટે નથી બોલી શકાતો પરંતુ તેની શરીઅત બધાને માટે એક સરખી છે અર્થાત શરીઅતનો કાયદો સર્વ સામાન્ય છે અને ઇમામ એક સામાન્ય નામ વાચક શબ્દ છે પરંતુ તેની તાલીમ અને હિદાયત ખાસ મુ'મિનને માટેજ વિશિષ્ઠ છે.

## સૂરહ ફાતિહાનું સ્પષ્ટિકરણ

જેમ આ પહેલાં વર્ણન થઇ ચૂકયું છે કે આ સૂરહ આખા કુર્આનનો સાર છે અર્થાત એ ઇલાહી માર્ગદર્શનનું એક સર્વોચ્ચ તથા સર્વવ્યાપી દ્રષ્ટાંત છે અને આખું કુર્આન એજ હિદાયતની દ્રષ્ટાંતોનો સમૂહ છે તે કારણે સૂરતુલ ફાતિહા પર મનન કરવામાં આવે તો માલુમ પડશે કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓને પોતાની કિતાબમાં કઇ કઇ વસ્તુઓની તાલીમ આપવા ઇચ્છે છે. દા. ત. (૧) મારિફતે ઇલાહી (ખુદાવંદી ઓળખાણ) (૨) અલ્લાહ તઆલાની તારીફ અને સ્તુતિ (૩) ઉલૂહિયત (૪) રબૂબિયત (૫) સૃષ્ટિઓ (૬) શારીરિક રહેમત (૭) રૂહાની રહેમત (૮) ખુદાની બાદશાહી (૯) જમાનો (૧૦) દીન અને કયામત (૧૧) ઇખ્લાસ (૧૨) ઇબાદત (૧૩) મદદની યાચના (૧૪) બધાથી જરૂરી દુઆ (૧૫) હિદાયત (૧૬) સિરાતે મુસ્તકીમ (૧૭) વિવિધ માર્ગો (૧૮) અલ્લાહ તઆલાનું સૌથી મોટું ઇનામ (૧૯) એ લોકો કે જેમનાં પર

અલ્લાહ તઆલાએ નવાઝિશ ફરમાવી (૨૦) ખુદાઇ કહેર (૨૧) ગુમરાહી.

આ એક ટુંક અવલોકન છે. આમ તો સૂરતુલ ફાતિહાના રહસ્યો અને મહિમા અપરંપાર છે તેથી આ સંબંધે અબ્દુલ્લાહ બિન અબ્બાસથી રિવાયત છે કે હઝરત અમીરૂલ મુ'મીનીન અલી અ.સ. એ એક વખત તેમને ફરમાવ્યું, "યા અબ્દુલ્લાહ લવ કતબ્તુ ફી મઆનિલ ફાતિહતિલ અવ્કરતુ સબ્ઇન બઇરા" "અય અબ્દુલ્લાહ અગર હું સૂરહ ફાતિહાના અર્થ લખું તો સિત્તેર ઉંટ લાદી દઉં." યાને તેની તફસીરનું વજન સિત્તેર ઉંટો પર થશે.

## અલ્લાહ તઆલાની તારીફ અને સ્તુતિ

અલહમ્દ, હમ્દનું સર્વ નામ છે. અરબી ભાષામાં કોઇ પણ નામની આગળ 'અલિફ લામ' લગાવવાથી પ્રશંસનિય તેમજ વિશેષ ભાવનો અર્થ પેદા થઇ જાય છે. વિશેષ ભાવનો અર્થ ધરાવતો તે શબ્દ પોતાની રચના ઉપર સરસાઇ ધરાવે છે તો હમ્દનો અર્થ તો તારીફ થાય છે પરંતુ અલહમ્દનો મતલબ થાય છે તમામ તારીફ. અલહમ્દનો અનુવાદ ફારસીમાં સિપાસ, કે જે "સિહ" (ત્રણ) અને "પાસ" અર્થાત ત્રણ જાતની અદબથી બનેલો છે જેનો અર્થ હાથ, પગ, દિલ અને જીભથી દરેક રીતે શુક્ર અદા કરવાનો (આભાર માનવાનો) થાય છે.

## ઉલુહિયત :

ઉલૂહિયત અલ્લાહની સિફત છે અને અલ્લાહનું સ્પષ્ટિકરણ આ પહેલા આવી ચૂક્યું છે.

રબુબિયત

રબૂબિયત રબની સિફત છે અને તેનો અર્થ થાય છે પરવરદિગારી અને ધણીપણું. રબ્બ એક એવું નામ છે કે જે સામાન્ય પણ છે અને વિશેષ પણ છે યાને તે ખુદાવંદ તઆલાને માટે પણ આવે છે અને ઇન્સાનને માટે પણ. પરંતુ આ જગ્યાએ "રબ્બ" વિશેષ નામના અર્થમાં આવ્યું છે કેમ કે તેમાં બારી સુબ્હાનહુના એ સ્વભાવનો ઉલ્લેખ છે જે સમસ્ત દુનિયાઓની પરવરિશનો ગુણ ધરાવે છે. દુનિયાઓની પરવરિશ કરવી, અલ્લાહ તઆલાની સૌથી મોટી સિફત છે જેમાં તેની બીજી બધી સિફતો પણ શામેલ છે. કારણ કે ખુદાનાં બધાં નામોમાં ખુદાઇ રહેમતની અનિવાર્ય ભલાઇ તેમજ ઇન્સાનની હાજતમંદીના અર્થો મળી આવે છે.

આલમીન

એ આલમનું બહુવચન છે જેનો અર્થ છે દુનિયા અને જગત અને જયારે "આલમીન" ફરમાવવામાં આવ્યું તો તેનો અર્થ રબ્બુલ ઇઝ્ઝતની એ અસંખ્ય દુનિયાઓ છે જેના દીનના કેટલાક વિદ્વાનોએ ત્રણ મોટા વિભાગ પાડયા છે, (૧) ચોકખી રૂહાની દુનિયાઓ, (૨) ચોકખી શારીરિક દુનિયાઓ (૩) રૂહ અને શરીરથી રચાયેલી દુનિયાઓ.

હવે તદ્દન રૂહાની દુનિયાઓનો ભાવાર્થ એ દુનિયાઓ છે કે જે સ્થળકાળથી પર સદા સજીવંત ફરિશ્તાઓ (દુનિયા)

છે અને ચોકખી શારીરિક (ભૌતિક) દુનિયાઓનો ભાવાર્થ ગ્રહો, સિતારાઓ અને પદાર્થો યાને જડવસ્તુઓ, વનસ્પતિ તથા એવા હેવાનો છે કે જેઓમાં શારીરિક વૃત્તિઓ વધારે પડતી હોય અને જેઓ રૂહાની જીંદગીથી કોરા હોય. તેમજ રૂહ અને શરીરથી રચાયેલી દુનિયાઓનો ભાવાર્થ ઇન્સાન છે કુઆનમાં એક બીજી જગ્યાએ 'આલમીન' બિલ્કુલ આજ અર્થમાં કહેવામાં આવ્યું છે. જેમકે; "વમા અર્સલનાક ઇલ્લા રહમતલ લિલ આલમીન" ૨૧–૧૦૭ "અને અમે આપને ફક્ત (ઇન્સાની) દુનિયાઓને માટે એક રહેમતના સ્વરૂપમાં મોકલ્યા છે."

તેથી એ સ્પષ્ટ થયું કે "રબ્બુલ આલમીન" માં જે પરવરદિગારી પરવરિશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ ખાસ કરીને ઇન્સાની દુનિયાઓની પરવરિશ છે અને સામાન્ય રીતે બીજી દુનિયાઓની ખાસ કરીને ઇન્સાની (દુનિયાઓની) પરવરિશનો ભાવાર્થ એ છે કે રસૂલને જે રહેમત બનાવીને મોકલવાંમાં આવ્યાં છે તેનાથી તે રહેમત સીધે સીધી રીતે વાણી અને જીભ દ્વારા ઇન્સાનનેજ પ્રાપ્ત થઇ શકે છે. અને ઇન્સાન સિવાયની કોઇ મખ્લુકાતથી એ વાણી અને જીભ દ્વારા ફાયદો ઉઠાવી શકતી નથી એટલે અહિં પરવશિનો ભાવાર્થ ખાસ ઇન્સાની પરવરિશ છે જે પયગમ્બર (સ.અ.વ.) અને ઇમામે ઝમાન (અલૈ.) દ્વારા થતી રહે છે.

## શારીરિક અને રૂહાની રહેમત

શારીરિક અથવા તો સામાન્ય રહેમત, રહેમાનની સિફત

છે અને રૂહાની અથવા તો વિશિષ્ઠ રહેમત રહીમની સિફત છે અને તેનું ખુલાસાવાર વર્ણન આ પહેલા કરાઇ ચૂકયું છે

## માલિકિયવ્મિદ્દીન:

માલિકિયવ્મિદ્દીનનો અર્થ છે કયામતના દિવસનો માલિક અથવાબાદશાહ અને તેનો ભાવાર્થ ખાસ ખુદાઇ બાદશાહી છે. માલિકિયવ્મિદ્દીન સંબંધે એવો સવાલ ઉભો થઇ શકે છે કે યવ્મિદ્દીનની સાથે ખુદાની બાદશાહી અથવા તો માલિકીની વિશેષતા હોવામાં શું ભેદ છે, જયારે કે અલ્લાહ તઆલા તો સમસ્ત જગત તથા સૃષ્ટિઓનો સાચો માલિક અને એકલો બાદશાહ છે. તો એનો જવાબ એ છે કે બેશક અલ્લાહ તઆલા વસ્તુ માત્રનો સાચો માલિક છે અને સકળ સંસારનો એકલો બાદશાહ છે. એમ છતાં એ સર્વોપરિ, સર્વ શકિતમાન અને સર્વજ્ઞ બાદશાહની એક સિફત એ છે કે તે દરેક માણસને એક ખાસ મુદ્દત સુધી કંઇક અખત્યાર ઇનાયત ફરમાવે છે. જયારે તેની મુદ્દત પુરી થઇ જાય છે તો એ મર્યાદિત સત્તાને તે પોતાની કુદરતના કબ્જામાં લઇ લ્યે છે.

## ઇખ્લાસ

'ઇય્યાક' શબ્દમાં ઇખ્લાસનો ઉલ્લેખ આવ્યો છે અને ઇખ્લાસનો અર્થ કોઇ ચીજને મિલાવટ કે ભેળસેળથી સાફ અને ચોકખી કરી દેવાનો છે, પરંતુ દીનની પરિભાષામાં ઇખ્લાસ દિલની એ સ્થિતિનું નામ છે કે જેમાં ઇન્સાનનું

અંતર ધ્યાન માત્ર ખુદા તરફજ લાગેલું હોય. અને તે સ્થિતિમાં બીજા વિચારો કે ચિંતનનો જરા પણ ઉમેરો ન હોય. ખુદ કુર્આને મજીદમાં આવ્યું છે કે, "ફ ઇઝા રકિબૂ ફિલ ફુલ્કિ દઅવુલ્લાહ મુખ્લિસીન લહુદ્દીન ફ લમ્મા નજ્જાહુમ ઇલલ બર્રિ ઇઝાહુમ યુશ્રિકૂન" ૨૯–૬૫ "પછી જ્યારે એ લોકો કિશ્તીમાં સવાર થાય છે તો ખાલિસ વિશ્વાસ સહિત અલ્લાહને પુકારે છે પછી જ્યારે તેઓને નજાત દઇને ખુશ્કી તરફ લઇ આવે છે તો તેઓ તરતજ શિર્ક કરવા લાગે છે." આ એ હકીકત તરફ ઇશારો છે કે જ્યારે તેઓ કિશ્તીમાં સવાર થાય છે ત્યારે ભય અને ખોફને કારણે સ્વાભાવિક રીતેજ તેઓ મનોમન અને આપ મેળે ખુદાની તરફ એવા ધ્યાન મગન થઇ જાય છે કે તેઓની આ હાર્દિક એકાગ્રતામાં દુનિયાની કોઇ વસ્તુ ભંગ નથી પાડી શકતી. પછી જ્યારે એ લોકો પાર ઉતરી જાય છે તો તેઓના દિલની એ હાલત તત્કાળ અલોપ થઇ જાય છે અને દિલમાં જાત જાતના દુન્યવી વિચારો તથા ચિંતનો ઉભરાવા માંડે છે. દિલની આવી સ્થિતિને કુર્આનની વાણીમાં શિર્ક કહેવામાં આવે છે. તો ઇખ્લાસ દિલની એ હાલતનું નામ છે જેમાં ઇન્સાનનું અંતર ધ્યાન ફકત ખુદાની તરફજ લાગેલું હોય.

## ઇબાદત

ઇબાદતને ફારસીમાં બંદગી કહેવામાં આવે છે અને શબ્દ 'બસ્તન'થી નીકળ્યો છે જેનો અર્થ છે બંધાઇ જવું યાને તાબેદારી અને બંદગીમાં પાબંદ રહેવું.

અત્રે એ જાણવું જોઇએ કે સામાન્ય રીતે તો વસ્તુ માત્ર આડકતરી રીતે ખુદાની બંદગી કરતી હોય છે પરંતુ સીધે સીધી રીતે ખુદાની બંદગીનો સંબંધ ઇન્સાન પર હોય છે. કારણ કે ખુદાએ ઇન્સાનને વસ્તુ માત્ર પર બાદશાહ બનાવ્યો છે અને ઇન્સાન પોતાના આમાલને માટે ખુદા સમક્ષ જવાબદાર છે. ખુદાની બંદગીનો સંબંધ સીધે સીધી રીતે માનવી પર હોવાનું એક બીજું કારણ એ પણ છે કે હકીકી બંદગી નિય્યત અને મુરાદથી થાય છે અને જે અમલ નામરજીથી હસ્તિમાં આવે છે તેમાં જઝા (સવાબ) અને સઝાનો સવાલ પેદા નથી થતો. દા. ત. જનાવરોને નાફરમાનીની કોઇ સજા નથી તેમ ફરિશ્તાઓને ખુદાની તસ્બીહ કે સ્તુતિ કરવાનો કોઇ સવાબ નથી. કારણ કે તેઓ પોત પોતાની એક વિશિષ્ઠ સ્થિતિમાં મર્યાદિત છે અને તેમાંથી તેઓ નીકળી નથી શકતા. તેનાથી ઉલ્ટું ઇન્સાનની હાલત એવી છે કે તે પોતાની માનવી તરીકેની સ્થિતિથી પતિત થઇને પશુથી પણ બદતર થઇ શકે છે અથવા પોતાની ઇબાદત અને બંદગી દ્વારા ફરિશ્તાઓથી પણ ઉંચે જઇ શકે છે. એટલે ખુદાની બંદગીનો સીધે સીધો સંબંધ માત્ર ઇન્સાન પરજ હોય છે.

ઇબાદત, ઇન્સાની મહત્તાની ચશકલગી છે કેમકે ઇન્સાન ઇબાદત દ્વારાજ ખુદા સાથે સંબંધ કાયમ કરી શકે છે અને ખુદાથી ઇબાદત દ્વારા સંબંધ બાંધી લીધા પછી બીજાઓની ગુલામી અને ખાસ કરીને ફિટકાર પામેલા શયતાનના વસવસા તથા શંકા કુશંકાથી છુટકારો મેળવી શકે છે. આથી ખુદાવંદ તઆલા પોતાના બંદાઓના બારામાં શયતાનને સંબોધીને

ફરમાવે છે; "ઇન્ન ઇબાદી લયસ લક અલયહિમ સુલતાન" ૧૫-૪૨ "ખરેખર હે ઇબ્લીસ, મારા બંદાઓ પર તારે માટે બાદશાહી નથી."

ઇબાદતના પરિણામે ખુદા તરફથી ઇબાદત કરનારાઓને જે બખ્શીશો અને બરકતો ઇનાયત થાય છે, તેની કોઇ હદ કે ગણત્રી નથી. ટુંકમાં એમ કે તેને દરેક કામમાં ખુદાની સહાય મળી રહે છે અને બંદગી કરનાર મોમિન દુનિયાની દરેક ખરાબીઓ, તકલીફો અને શોક સંતાપથી મુકત થઇ જાય છે અને તે એ દરજ્જા પર પહોંચી જાય છે કે અબ્દો મઅબુદ (બંદા અને ખુદા) વચ્ચેનો પર્દો ખતમ થઇ જાય છે. અને તે ખુદાવંદી ગુણોથી વિભુષિત થઇ જાય છે; જેમકે હદીસે કુદસીમાં આવ્યું છે કે "લા યઝાલુલ અબ્દુ યતકર્રબુ ઇલય્ય બિન નવાફિલિ હત્તા ઉહિબ્બુહુ ફે ઇઝા અહબબ્તુહુ અકુનુ સમ્અહુલ્લઝી યસ્મઉબિહી વ બસરહુલ્લઝી યુબ્સિરૂબિહી વ લિસાનુહુલ્લઝી યતકલ્લમુબિહી વ યદહુલ્લતી યબ્તશુબિહા વ રિજલહુલ્લતી યમશીબિહા ફબી યસ્મઉ વબી યુબ્સિરૂ વબી યન્તિકુ વબી યા'કિલુ વબી યબ્તિશુ વબી યમ્શી" અર્થાત બંદો નવાફિલ (વધારે બંદગી) દ્વારા મારી નજદીકી હાસિલ કરે છે તો પછી હું એને ચાહવા લાગું છું. પછી હું એનો કાન છું જે વડે તે સાંભળે છે, હું એની આંખો બનું છું જેનાથી એ જુએ છે હું એની જીભ બનું છુ જે વડે એ વાતો કરે છે હું એના હાથ બનું છું જે વડે એ પકડે છે, હું એના પગ બનું છું જેનાથી એ ચાલે છે. બસ જે મારા દ્વારા સાંભળે

છે, મારા દ્વારા જુએ છે, મારા દ્વારા બોલે છે, મારા દ્વારા વિચારો કરે છે, મારા દ્વારા પકડે છે, અને મારા દ્વારા ચાલે છે."

ઇસ્તઆનત:- (મદદની યાચના)

ઇસ્તઆનતનો અર્થ સહાય કે મદદ માગવાનો છે. ઇસ્તઆનતનો ઉલ્લેખ 'ઇબાદત' પછી આવવામાં એ હિકમત છે કે ખુદાની હકીકી અને અખુટ મદદ (જેનું આ પહેલાં વર્ણન આવી ચૂકયું છે) ઇબાદત અને બંદગીના પરિણામે પ્રાપ્ત થાય છે. તેથી આ અર્થમાં કુર્આનમાં બીજી જગ્યાએ પણ ફરમાવેલ છે કે "વસ્તઇનૂ બિસ્સબ્રિ વસ્સલાત" ૨-૪૫ અર્થાંત: "અને ધીરજ તથા ઇબાદત દ્વારા મદદ માંગો."

સબ્ર, દુઆ, શુક્ર અને એવા તમામ કાર્યો ઇબાદતમાં શામેલ છે તો ખુદાની હકીકી મદદ ઇબાદત વડેજ પ્રાપ્ત થાય છે.

અહિં એક વાતનો ખુલાસો જરૂરી છે કે દુનિયામાં કેટલીક કોમો એવી છે કે જે ખુદામાં શ્રધ્ધા નથી રાખતી. છતાં દુન્યવી રીતે તેઓએ બહુ મોટી તરક્કી કરી છે. તો, એ જાણવું જરૂરી છે કે જેવી રીતે ભૌતિક અને રૂહાની બે દુનિયા છે, એજ પ્રમાણે મદદ પણ ભૌતિક અને રૂહાની એમ બે પ્રકારની છે, અને જેવી રીતે ભૌતિક જગત મર્યાદિત છે તો તેની પ્રગતિ પણ મર્યાદિત છે અને ભૌતિક જગતના પોતાના નિયમો છે. જે કોઇ તેના પર ચાલશે એ ભૌતિક પ્રગતિ કરશે. જેમકે ખુદાએ ફરમાવ્યું છે; "ફમયં યઅમલ મિસકાલ ઝર્રતિન

ખયરય યરહુ વમંય યઅમલ મિસકાલ ઝર્રતિનશરય યરહુ." ૯૯–૭–૮ અર્થાત; "જે જરાક જેટલી નેકી કરશે તે નેકીજોઇ શકશે અને જે જરાક જેટલી બુરાઇ કરશે તે બુરાઇ જોશે."

આમાં સઝા અને જઝા (ઇનામ) નો જે ઉલ્લેખ આવ્યો છે તે ઇત્તેકાદ રાખનારા તથા ન રાખવાવાળા બન્નેને માટે સરખો છે.

પરંતુ એથી ઉલ્ટું રૂહાની દુનિયા અને રૂહાની મદદ અમર્યાદિત છે. તેમાં ઇબાદત અને બંદગી દ્વારા જે પ્રગતિ કરશે એ અપરંપાર અને અનંત હશે. આ ઉપરથી કુર્આને શરીફમાં એક બીજા સ્થળે ફરમાવવામાં આવ્યું છે કે "મન જાઅ બિલ હુસનતિ ફ લહૂ અશ્રૂ અમ્સાલિહા વ મન જાઅ બિસ્સય્યિઅતિ ફલા યુજઝા ઇલ્લા મિસ્લહા વ હુમ લા યુઝલમૂન" અર્થાત "જે કોઇ એક નેકી કરશે તો તેનો બદલો તેને માટે દસ ગણો છે અને જે કોઇ એક બદી કરશે તો તેનો બદલો તેના બરાબર હશે અને તેના ઉપર જુલમ કરવામાં નહિ આવે" ૬–૧૬૦. એમ પણ ફરમાવવામાં આવ્યું છે કે એક દિવસ મુ'મિનની તમામ બુરાઇઓ ભલાઇઓમાં ફેરવાઇ જશે. "વ યદરઊન બિ હુસનતિસ્સય્યિઅહ" અર્થાત "અને બૂરાઇને નેકીથી દૂર કરતાં રહે છે" ૧૩–૨૨ આ જઝા અને ઇનામ ફકત ઇબાદત બંદગીના ફળ સ્વરૂપે રૂહાની તરક્કીથી પ્રાપ્ત થાય છે અને એ સવાબને ખુદાએ "બગયર હિસાબ" (અપરંપાર) ના વિશેષણથી યાદ ફરમાવેલ છે. તો હકીકી મદદ ઇબાદત અને બંદગીથી પ્રાપ્ત થાય છે જેના ચિન્હો

ઇબાદત કરનારાઓ તથા આરિફો (ઓળખનારા) ના જીવન પરથી પ્રગટ થાય છે.

## સિરાતે મુસ્તકીમ અને તેના તરફની હિદાયત

ખુદાઇ સ્તુતિ, ઇબાદત અને મદદ યાચનાના વર્ણન પછી સૌ પ્રથમ સિરાતે મુસ્તકીમ તરફ હિદાયતને માટે દુઆ માંગવામાં આવી છે. આ એ વાતની દલીલ છે કે ખાસ હિદાયત મુ'મિનના અખ્ત્યાર (સત્તા) ની બહાર છે અને ખુદ ખુદાના અધિકારમાં છે. તેથી "અલહમ્દ" થી લઇને "નસ્તઇન" સુધીની જે બાબતો છે તેમાં મુ'મિનને થોડોક અધિકાર આપવામાં આવ્યો છે જેના પર તે પોતાની શકિત પ્રમાણે અમલ કરી શકે છે પરંતુ "ઇહદિના" થી લઇને "અઝ્ઝાલ્લીન" સુધીની જે બાબતો છે તેમાં મુ'મિનને અધિકાર નથી, બલ્કે એમાંથી અમુક વસ્તુઓથી ફાયદો ઉઠાવવા તથા અમુકથી બચવા માટે દુઆ કરવામાં આવી છે.

તો સૌ પ્રથમ જે ચીજને માટે દુઆ માંગવામાં આવી છે એ સિરાતે મુસ્તકીમની તરફ હિદાયતને માટે છે. હિદાયતનો શબ્દાર્થ એક સ્થળથી બીજા સ્થળ તરફ જવાનો રસ્તો દેખાડવાનો છે અને સિરાતે મુસ્તકીમનો અર્થ છે સીધો રસ્તો. દ'વતની પરિભાષામાં હિદાયતનો ભાવાર્થ છે હાદીએ વકત (ઝમાનાના રાહબર) ની તાલીમ અને સિરાતે મુસ્તકીમનો ભાવાર્થ હાદીએ વકત છે. તેથી અહિં હાદીએ વકત યાને પોતાના ઝમાનાની દ્રષ્ટિએ, પયગમ્બર સ. અથવા ઇમામે

ઝમાન (અ.સ.)ને સીધા રસ્તાની ઉપમાં આપવાનો અર્થ એ છે કે જે માણસ સીધા રસ્તા પર ચાલે છે તે કદી પણ ભૂલો પડી જતો નથી અને એ રીતે જે માણસ દીનના માર્ગમાં ઇમામે ઝમાન (અ.સ.)ની તાલીમ યાને તેમની દોરવણી અને ફરમાનો મુજબ ચાલે છે તે કદી પણ ગુમરાહિ (ભૂલ ભુલામણી)માં પડતો નથી. એ વિષે સૈયદના કાઝી નુઅમાન અસાસુત્તઅવીલ માટે ફરમાવે છે કે "મન લઝમત્તરીક લમ યઝિલ વ કઝાલિક મન લઝમલ ઇમામ લમ યઝિલ" અર્થાત: "જેણે માર્ગને પકડી લીધો તે કદી પણ ગુમરાહ નહિ થશે અને તેવીજ રીતે જેણે ઇમામને પકડયો તે કદી પણ ગુમરાહ નહિ થશે."

તો અહિં સિરાતે મુસ્તકીમનો ભાવાર્થ પોતાના ઝમાનાના અનુસાર પયગમ્બર અથવા ઇમામજ છે જેઓ આલમે રૂહાની તેમજ આલમે જીસ્માનીની વચ્ચે વાસ્તા (માધ્યમ) છે અને એ દુનિયાઓની વચ્ચે જહાલત અને ગુમરાહીનો જે અંધકાર ભર્યો માર્ગ છે તેને માટે ઇમામે ઝમાન ખુદાઇ નુરનો દરજ્જો ધરાવે છે, જેના વગર કોઇ આ જોખમભર્યા માર્ગને પસાર કરી શકતું નથી. પણ એ નૂર સુધી પહોંચવું એ માણસના હાથની વાત નથી પરંતુ માત્ર ખુદાજ જેને ચાહે છે તેને એ નૂર તરફની હિદાયત કરે છે. એ માટે એ નૂર સુધીની હિદાયત, કે જે ખુદાનું મોટામાં મોટું ઇનામ છે, ત્યાં સુધી પહોંચવા માટે ઇન્સાનને તાલીમ દેવામાં આવી છે કે તે હમેશા ખુદાની હઝૂરમાં દુઆ કરે.

આ દુઆ એક તરફ તો હિદાયતને માટે છે અને બીજી તરફ હિદાયત પર મક્કમ રહેવા માટે, યાને પહેલાં તો હિદાયતને માટે દુઆ કરે અને પછી જેને હિદાયતના ઇનામની નવાઝીશ કરવામાં આવી છે તેણે એના પર દ્રઢ રહેવા માટેની પણ દુઆ માગવી જોઇએ. આનો અર્થ બીજા શબ્દોમાં એ થયો કે પહેલે તો ઇમામે ઝમાનની મારફતને માટે દુઆ કરવામાં આવે અને ઇમામે ઝમાનની મારેફત હાસલ થઇ ગયા પછી તેમની તાબેદારી અને ફરમાન બરદારી પર મજબુત રહેવા માટે (પણ) દુઆ કરવામાં આવે. કારણ કે એક જબરદસ્ત પ્રપંચી દુશ્મન યાને શયતાને રજીમ, માણસને સત્ય માર્ગ પરથી વિચલિત કરવાને માટે હમેશાં તકની રાહ જોઇને બેઠો છે અને ઇન્સાન તેમજ જિન્નાતના વિવિધ સ્વરૂપમાં સામે આવે છે; કે જેથી તે પોતાની અગણિત ફોજની મદદથી સિરાતે મુસ્તકીમ પર ચાલવાવાળા યાને ઇમામે ઝમાનની તાબેદારી કરવાવાળાઓ પર હુમલો કરે અને તેઓને તે માર્ગ પરથી ભૂલા પાડી દયે એટલે મું'મિનની એ પહેલી ફરજ છે કે તે હિદાયત મેળવ્યા પછી કદી પણ ધિક્કારપાત્ર શયતાનના પ્રપંચથી ગાફલ ન રહે અને તેની બુરાઇથી બચવા માટે હમેશા ખુદાની હુઝૂરમાં દુઆ કરે.

## એ લોકો કે જેઓ પર અલ્લાહે ઇનામ ફરમાવ્યું

ખુદાવંદ તઆલાનું હકીકી ઇનામ એ વ્યક્તિઓને નસીબ થયું કે જેમને ખુદાવંદ તઆલાએ સિરાતે મુસ્તકીમ અર્થાંત પોતાના નૂર તરફની હિદાયત ફરમાવી છે. કેમકે ખુદાનું નૂર

અને સિરાતે મુસ્તકીમ એકજ હકીકતના બે નામ છે અને એ કારણે ખુદા કયારેક "યહદિલ્લાહુ લિનૂરિહી મંયયશાઅ" ફરમાવે છે યાને "ખુદા પોતાના નૂરની તરફ એને હિદાયત ફરમાવે છે, કે જેને તે ચાહે છે" તેથી એના નૂર તરફની હિદાયત એ ખુદાનું ઇનામ છે તો ખુદાએ જેઓ પર એ ઇનામની (નવાઝીશ) ફરમાવી તેઓના કુર્આને મજીદના આદેશ અનુસાર પાંચ જુથ છે એ માટે ફરમાવે છે કે; "વમયંયુતિ ઇલ્લાહુ વર્રસુલ ફઉલાઇક મઅલ્લઝીન અન અમલ્લાહુ અલયહિમ મિનન્નબિય્યીન વસ્સિદ્દીકીન વશ્શુહદાઇ વસ્સાલિહીન" ૪-૬૯ અર્થાંત: "જે ખુદા અને રસૂલની તાબેદારી કરશે તે એમની સાથે હશે જેઓને ખુદાએ ઇનામની નવઝીશ ફરમાવેલ છે. જેમાંના કેટલાક નબીઓમાંથી છે અને કેટલાક સિદ્દીકોમાંથી અને કેટલાક શહીદોમાંથી અને કેટલાક સાલેહ (નેકલોકો) માંથી.

ઇલ્મે તાવીલની કિતાબોમાં, દીનના બુઝુર્ગોએ સાબિત કરી આપ્યું છે કે આ પાંચ જુથ, યાને નબીઓ, સિદ્દીકો, શહીદો, સાલેહો અને તાબેઇનનો ભાવાર્થ, નાતિકો, અસાસો, ઇમામો, હુજજતો અને દાઇઓ છે કેમકે એજ બુઝુર્ગ હસ્તિઓ મહેદી તથા હાદી છે યાને પોતે હિદાયત પામેલા છે અને બીજાઓને હિદાયત કરે છે. અર્થાંત એજ માન્યવરો જેઓ સિરાતે મુસ્તકીમ પર હિદાયત પામેલા છે તેઓ અલ્લાહ તઆલા તરફથી તેઓની હિદાયતને માટે મુકર્રર થયેલા છે. અને આ દુઆમાં તેમનાથીજ હિદાયત મેળવવાની અને તેમના માર્ગ પર ચાલવાની તાલીમ આપવામાં આવી છે.

## ગઝબે ઇલાહી

ગઝબનો શબ્દાર્થ નારાજ થવું અથવા દવેષ રાખવો થાય છે દવેષ ગુસ્સો અને નારાજી એવી પ્રકૃતિઓ છે જે નફ્સે વજૂદમાં (આંતર મનમાં) ખોડ ખાંપણ હોવાની સાબિતી આપે છે. એ માટે, ગુસ્સો અને નારાજી મહાન પ્રતિષ્ઠાવંત ખુદાવંદને માટે લાગુ કરી શકાય એમ નથી. બલ્કે એ બધી પ્રકૃતિઓ માત્ર ઇન્સાનનેજ લાગુ થાય છે જે તેની પોતાની અજ્ઞાનતા તથા ગફ્લતનું ફળ હોય છે તેથી ખુદાનો ગઝબ અને ગુસ્સો તેની પવિત્ર ઝાત સાથે સંબંધ નથી ધરાવતા, બલ્કે તે કાનૂને ઇલાહી (ખુદાઇ નિયમો) માં શામેલ છે જે સકળ સૃષ્ટિ તેમજ ઇન્સાન, બધામાં પ્રચલિત છે અને એ નિયમો એવા છે કે માણસ પોતાના અખત્યારથી જે કઇ નિયત કરે છે અને અમલ કરે છે, તેની સારી અથવા ખરાબ અસર અને પરિણામો તેને પોતાનેજ ભોગવવા પડે છે તેથી ઇન્સાનની એ પરિસ્થિતિનો ઉલ્લેખ, આ આયતે કરીમા માં કરવામાં આવ્યો છે.

"ફ અલહમહા ફુજૂરહા વ તકવાહા, કદ અફ્લાહા મન ઝક્કાહા વ કદ ખાબ મન દસ્સાહા" (૯૧/૮ થી ૧૦)

અર્થાત: "પછી તેણે કુકર્મો તથા પરહેઝગારીની પ્રેરણા આપી ખરેખર એ સફળ થઇ ગયો જેણે તેને પાક કર્યો અને ખરેખર એ નિરાશ (દુર્ભાગી) થઇ ગયો જેણે તેને દબાવી દીધો;

તો મગઝૂબ (જે પર કોપ નાઝિલ થયો હોય એવા) થવું (એ) પણ નિરાશાની જ એક સિફત છે અને તેના નિયમનો પ્રથમથી જ ઇન્સાની નફસમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

વધુમાં ફરમાવવામાં આવ્યું છે કે;

"વ હદયના હુન નજદૈન" યાને અમે તેને બન્ને રસ્તા દેખાડયા (૯/૧૦)

તો બદકાર્ય તથા પરહેઝગારી, અર્થાત ખોટો રસ્તો તથા સીધા માર્ગ વિષે જાણ થઇ ગયા પછી જે બદકાર્યનું અનુસરણ કરે છે યાને ખોટે રસ્તે ચાલે છે અને તેના પરિણામે જે કંઇ તેને ભોગવવું પડે છે એ ખુદા તરફથી નહિ, બલ્કે એક નકકી થયેલા નિયમ અનુસાર હોય છે, જેના ઉપર તે પોતાની મરજીથી ચાલે છે અને તેનો બદલો મેળવે છે. તેથી ગઝબે ઇલાહી (ખુદાઇ પ્રકોપ) પણ એજ કાનુનનું ફળ છે જે ઇન્સાનની પોતાની અવિદ્યા તથા ગફલતને કારણે પેદા થઇ જાય છે. તો જે વ્યકિત અથવા કોમ ખુદાના આદેશ તથા મનાઇ હુકમોનું પાલન ન કરે અને તેની તાબેદારી તથા બંદગીથી વિમુખ થઇ જાય તો તેને ખચિત એ જ્ઞાન નસીબ નહિ થાય, જે એ (ખુદા)ના ફરમાનમાં છુપાયેલું હતુ અને તેના આત્માને એ ખોરાક નહિ મળે જે તેની ઇબાદતમાં છુપાયેલો હતો. આથી તેની અવિદ્યા અને ગફલત વધી જશે. તે ત્યાં સુધી કે તેની બુધ્ધિ અને તેનો આત્મા કચડાઇ જશે અને તે એવી રીતે, કે તેનામાં હકીકી જ્ઞાન તથા

ડહાપણ પ્રાપ્ત કરવાની તથા ઝિક્ર અને ઇબાદતથી આનંદ મેળવવાની લાયકાત તથા શકયતાઓ હતી તે સદંતર ખતમ થઇ જશે. પરંતુ તે સ્વરૂપ અને આકારમાં તો ઇન્સાન જ રહેશે. તેથી, ખુદાવંદી ઇરશાદ છે કે;

"વલવ નશાઉ લ મસખ્નાહુમ અલા મકાનતિહિમ ફ મસ્તતાઉ મુઝિય્યવં વલા યર્જિઊન." ૩૬/૬૭

અર્થાત "અગર અમે ઇચ્છતે તો તેઓને તેમની પોતાની જગ્યા પરજ કચડી નાખતે જેથી એ લોકો ન તો આગળ વધી શકતે અને ન તો પાછા વળી શકતે."

સૈયદના પીર નાસિર ખુસ્રૂ ક. સ. એવા લોકોના બારામાં ફરમાવે છે, કે.

બ અકલ ઇબ્લીસ, વ સૂરત હમચું આદમ,
બ સદ પાયા ઝ અસ્પો ગાઓ ખર કમ.

અર્થાંત: "અકકલની રૂએ ઇબ્લીસ અને સ્વરૂપમાં માણસ જેવા તેઓ ઘોડા ગાય અને ગધેડાથી પણ સેંકડો દરજ્જે હલકા છે.

ખુદાની ઇબાદત તથા મારિફતથી દૂર થઇને હેવાની ખસલત પર ઉતરવું, ઇન્સાનને માટે ખુદાનો સૌથી મોટો પ્રકોપ છે અને એ ખુદા તરફથી નથી પરંતુ માણસના પોતાના જ કર્તવ્યનું પરિણામ હોય છે.

ઝલાલત (ગુમરાહી)

ઝલાલતનો મતલબ છે ગુમરાહી અર્થાત માર્ગ ભૂલી જવો. યાને સિરાતે મુસ્તકીમથી જુદી જવું. આ પહેલાં વર્ણન થઇ ચૂકયું છે કે સિરાતે મુસ્તકીમનો ભાવાર્થ હાદીએ વક્ત એટલે જમાનાના હિદાયતના ધણી છે અને જે શખ્સ અથવા ટોળું તેમની હિદાયતને પહોંચ્યું છે એ બધા સિરાતે મુસ્તકીમ (સીધા રસ્તા) પર છે કેમકે સીધો રસ્તો એક જ હોય છે.

"સજદ વજહિ ઇલયક વ તવક્કલતુ અલયક મિન્ક કુવ્વતી વ અન્ત ઇસ્મતી યા રબ્બલ આલમીન."

મારા ચહેરાએ તારી આગળ સિજદો કર્યો અને મેં તારા પરજ તવક્કલ (ભરોસો) કર્યો તારાથી જ મારી શક્તિ છે અને તુંજ મારૂં રક્ષણ છે, ઓ સઘળી મખ્લુકાતના પરવર દિગાર.

સિજદાનો ભાવાર્થ, જાહેરમાં આબિદ (ઇબાદત કરનાર)નો ઇબાદત દરમ્યાન પોતાને ધૂળ બરાબર કરી દેવાનો છે. પરંતુ મૂળે તેનો ભાવાર્થ હકીકી તાબેદારી તથા ફરમાન બરદારી છે. યાને એક આબિદ (ઇબાદત કરનાર) અને મોમિન સાચા દિલથી મહાન ખુદાવંદની હુઝૂરમાં પોતાને ખાક બરાબર સમજે અને તેમાં જો એવી સમર્પણ ભાવના ન હોય, તો ફક્ત માટી પર માથું ઘસવાનો કંઇ અર્થ નથી. તવક્કલનો

ભાવાર્થ પોતાના શકિત બહારના મામલાઓને ખુદાને સોંપી દેવાનો છે. પરંતુ એમાં મહેનત તથા તકલીફ ઉપાડવાની શરત છે. એમ નહિ કે ઇન્સાન હાથ ઉપર હાથ રાખી કંઇ પ્રયત્ન કર્યા વગર અલ્લાહ ઉપર ભરોસો કરે; પરંતુ પોતાની શકિત મુજબ મહેનત કરવી જરૂરી છે અને તેનું પરિણામ અલ્લાહ પર છોડી દેવાનું છે. જેમ કે મૌલાના રૂમે ફરમાવેલ છે;

ગર તવક્કલ મી કુની દર કાર કુન;
કસ્બ કુન પસ તકિયા બર જબ્બારકુન.

અર્થાત: અગર તમે તવકકલ કરો છો, તો તમારા પુરૂષાર્થની અંદર કરો. યાને યત્ન પ્રયત્નો કરો.........પછી (એ કાર્યનું ફળ મેળવવા માટે) મહાન ખુદાવંદ ઉપર ભરોસો કરો.

<u>કુવ્વત (શકિત)</u>

કુવ્વતનો ભાવાર્થ એ છે કે એક મુઅમિન પોતાની શકિતના વર્તુળમાં રહાની અને શારીરિક રીતે જે કંઇ કરી શકે એ બધું ખુદાવંદ રબ્બુલ ઇઝઝત તરફથી ઇનાયત થયેલું છે અને તેની મદદ તથા સહાય વગર તે કંઇ કરી શકતો નથી. જેમકે હદીસમાં ફરમાવવામાં આવ્યું છે, "લા હવલ વલા કુવ્વત ઇલ્લા બિલ્લાહિલ અલીય્યુલ અઝીમ" યાને "અમારી કંઇ પણ શકિત કે ત્રેવડ નથી, પણ ખુદાનીજ છે જે સર્વોચ્ચ અને મહાન છે." અને હઝરત રસૂલલ્લાહ (સ.અ.વ.) બહુ

પસંદ કરતા હતા કે કઠણાઇ અને તકલીફ વખતે મુઅમિન આ વચન બોલતો રહે, વળી આ વચન સબંધે ફરમાવ્યું છે કે, "કન્ઝુ મિન કુનૂઝિલ જન્નતિ અખ્રિગૂહા, સિબ્યાનકુમ વ અમીતૂ અન્હુમ વસાવિસશ શયતાનિ વ હવાજિસહુ."

ફરમાવ્યું કે એ બહેસ્તના ખજાનાઓમાંનો એક ખજાનો છે. તમે આ વચન તમારા બાળકોને શીખવીને તેઓને શયતાનના વસવસા તથા તેના પ્રપંચ તથા ફરેબથી પાક કરી દયો.

## ઇસ્મત અને રક્ષણ

એનો ભાવાર્થ એ છે કે પરવરદિગારે આલમીનજ પોતાની રૂહાની તથા જીસ્માની હિદાયત અને ચમત્કારિક કુદરત વડે ગુનાહો તથા બલાઓથી સુરક્ષિત રાખવાવાળો છે.

## સલવાત

"અલ્લાહુમ્મ સલ્લિઅલા મુહમ્મદિનિલ મુસ્તફા વ અલા અલીય્યીનીલ મુર્તઝા વ અલલ અઇમ્મતિલ અતહાર વ અલા હુજજતિલ અમ્ર, સાહિબિઝ્ઝમાનિ વલ અસર ઇમામિનલ હાઝિરિલ મવજૂદ મૌલાના શાહ કરીમ અલ હુસૈની."

ઓ અલ્લાહ, તારી રહેમત રહે મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) ઉપર, અને અલી મુર્તઝા (અ.સ.) ઉપર કે જે પાક છે અને તારા અમ્રની સ્પષ્ટ સાબિતી, વખતના માલિક,

અમારા હાઝર અને મૌજુદ ઇમામ અમારા ધણી, શાહ કરીમ અલ હુસૈની ઉપર.

સલવાતના બારામાં કુર્આને શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે, ઇન્નલ્લાહ વ મલાઇકતહૂ યુસ્સલ્લુન અલન્નબીય યા ઐયુહલ્લઝીન આમનૂ સલ્લૂ અલયહિ વ સલ્લિમૂ તસ્લીમા (૩૩:૫૬)

અર્થાત: "બેશક ખુદાતઆલા અને તેના ફિરિશ્તા, રસૂલ પર રહેમત મોકલે છે. તો હે ઇમાનવાળાઓ તમે પણ તેમના પર (અને તેમની આલ પર) સલવાત મોકલો અને તેનો સ્વીકાર કરો (એટલે શરણ થઇ જાઓ) જેવો કે સ્વીકાર કરવાનો હક છે."

સલવાતના બારામાં સુનને અબી દાઉદમાં ઇબ્ને અલી શયબાથી રિવાયત છે કે કેટલાક શખ્સોએ હઝરત રસૂલ (સ.અ.વ.)ને પૂછ્યું, કે અમે આપને સલામ કરવાનું તો જાણીએ છીએ પરંતુ આપ ઉપર કેવી રીતે સલવાત મોકલીએ? તો હુઝૂરે (સ.અ.વ.) ફરમાવ્યું કે, આવી રીતે કહો, "અલ્લાહુમ્મ સલ્લિઅલા મુહમ્મદિવ વ આલે મુહમ્મદ કમા સલ્લયત અલા ઇબ્રાહીમ વ અલા આલિ ઇબ્રાહીમ."

વધુમાં સવા એકે મુહર્રકામાં આવેલું છે કે માણસોએ જ્યારે આં હઝરત (સ.અ.વ.) પર સલવાત મોકલી અને કહ્યું, "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદ" ત્યારે હુઝૂરે (સ.અ.વ.) ફરમાવ્યું, "લા તુસલ્લૂ અલય્ય સલ્વાતન બતરા" યાને "મારા

પર અધુરી સલવાત ન મોકલો." લોકોએ અરજ કરી, "અધુરી સલવાત શું છે?" તો હુઝૂરે (સ.અ.વ.) ફરમાવ્યું "અધુરી સલવાત એ છે કે જેમાં ફક્ત એટલુંજ કહેવામાં આવે કે, અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદ" અને સંપૂર્ણ સલવાત એ છે કે જેમાં એમ કહેવામાં આવે કે, "અલ્લાહુમ્મ સલ્લે અલા મુહમ્મદિંવ વ આલે મુહમ્મદ."

સારાંશ કે દીને ઇસ્લામમાં રસૂલિલ્લાહ (સ.અ.વ.) તથા તેમની આલનો ઉલ્લેખ કરતી વેળાએ સલવાત પઢવી વાજબ અને ફર્જ છે અને તેનું એટલું મહત્વ છે કે તે પઢયા વગર કોઇ નમાઝ કબુલ નથી થતી.

સલવાત અથવા રહેમતના વિષયમાં એ જાણવું જરૂરી છે કે ખુદાની રહેમત હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની પવિત્ર આલ સાથે સંકળાયેલી છે અને જેવી રીતે તેઓ ખુદાની બીજી સિફતોના પ્રગટસ્થાન છે એજ રીતે એઓ ખુદાની રહેમતના પણ પ્રગટસ્થાન છે.

આ મુદ્દાને મૌલાના જલાલુદ્દીન રૂમી (રહ.) "કયફ મદ્દઝિઝલ્લ"ની આયત સાથે સરખાવતાં ફરમાવે છે,

કયફ મદ્દઝિઝલ્લ નકશે ઔલિયાસ્ત
કુ દલીલે નૂરે ખુરશીદે ખુદાસ્ત

અર્થાત: "કયફ મદ્દઝિઝલ્લ" ઔલિયાનું મુબારક વ્યકિતત્વ છે કે જેઓ ખુદાના સૂર્ય પ્રકાશની સાબિતી છે.

અલ્લાહતઆલા ફરમાવે છે,

"અલમતર ઇલા રબ્બિક કયફ મદ્દઝ્ઝિલ્લ વલવ શાઅ લ જઅલહૂ સાકિના સુમ્મ જઅલનશ્શમ્સ અલયહિ દલીલા." ૨૫–૪૫

અર્થાત: "(હે પયગમ્બર) શું, તું તારા પરવરદિગાર તરફ નથી જોતા કે તેણે કેવી રીતે પડછાયાને લાંબો કર્યો? અને જો તે ઇચ્છે તો તેને ટુંકો પણ કરી દયે. પછી અમે સુરજ ને તેના પર દલીલ બનાવ્યો.

મૌલાના રૂમી તેનું વિવેચન કરતાં ફરમાવે છે કે કુર્આને મજીદમાં જે જાહેરી પડછાયાને વિષે ફરમાવવામાં આવ્યું છે તે અલ્લાહના દોસ્તો છે. જેમ પડછાયા ઉપરથી સૂરજ અને તેની ગતિની ખબર પડે છે એ જ પ્રમાણે ઓલિયા અલ્લાહની બરકતવંતી ઝાત કે જે ઝિલ્લલ્લાહ (અલ્લાહની પ્રતિ છાયા) છે તેમનાથી ખુદાવંદી સૂર્ય યાને અલ્લાહતઆલાની મારિફત પ્રાપ્ત થઇ શકે છે.

વળી કુર્આને કરીમમાં બીજી પણ ઘણી આયતો છે જે આ વાતની સાબિતી આપે છે જેમ કે; "ઇન્નલ્લઝીન યુબાયિઊનક ઇન્નમા યુબાયિઊનલ્લાહ" (૪૮/૧૦)

અર્થાત: જેઓએ (હે મુહમ્મદ) તારી બયઅત કરી તેઓએ અલ્લાહની બયઅત કરી. "અને વમંય યુતિઇર્રસૂલ ર કદ અતાઅલ્લાહ" (૪/૮૦).

યાને "જેણે રસૂલની તાબેદારી કરી તેણે અલ્લાહની તાબેદારી કરી." "વમા રમયત ઇઝ રમયત વલાકિનલ્લાહ રમા" યાને "તમે જ્યારે ધૂળ ફેંકી તો એ તમે નહિ બલ્કે ખુદાએ ફેંકી." (૮–૧૭)

આ વિષે મૌલાના રૂમી ફરમાવે છે કે;

મા રમયત ઇઝ રમયત અહમદ બદિહસ્ત;
દીદને ઊ દીદને ખાલિક શુદિહસ્ત.

અર્થાત: "મા રમયત ઇઝ રમયત હ. અહેમદે મુર્સિલ (સ.અ.વ.) ની શાન છે. તેમને જોવા એ ખુદાને જોવા બરાબર છે."

જ્યારે કે આં હઝરતે (સ.અ.વ.) પોતે ફરમાવેલ છે; કે "મન રઆની ફકદ રઅલ હક" યાને "જેણે મને જોયો તેણે ખુદાને જોયો."

તાત્પર્ય કે હઝરત મુહમ્મદ (સ.અ.વ.) પોતે અને તેમની પવિત્ર આલ પર તો હમેશાં ખુદાની રહેમત છે અને જ્યારે આપણે કહીએ છીએ કે હે અલ્લાહ! હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલેપાક પર તાઝી રહેમત રહે, તો તેનો અર્થ એ નથી કે તે પહેલાં તેમના પર રહેમત નહોતી. પરંતુ આ દુઆ હમેશની રહેમત વિષે છે સાચી વાત તો એજ છે કે તેમનું પવિત્ર વજૂદ જ સાકાર રહેમત છે (જેમ કે કુર્આને કરીમમાં ફરમાવેલું છે; "વ મા અર્સલનાક ઇલ્લા રહેમતલિલ આલમીન" (૨૧/૧૦૭) યાને

"(હે રસૂલ !) અમે આપને દુનિયાઓને માટે માત્ર રહેમત સિવાય બીજું કંઇ બનાવીને મોકલ્યા નથી."

તો જેવી રીતે ખુદાની ઇતાઅત પયગમ્બર (સ.અ.વ.) અને સાહેબે અમ્ર યાને ઇમામે ઝમાનની ઇતાઅતથી સંકળાયેલી છે એજ રીતે તેની સદાકાળની રહેમત પણ એ પવિત્ર હસ્તીઓ સાથે સંકળાયેલી છે તેથી આપણે દરેક હાલતમાં અને દરેક કામને માટે, ચાહે તે દીની હોય કે દુન્યવી, આપણી જાતને આપણી દુન્યવી ભલાઇ પ્રગતિ તેમજ આખેરતની નજાતને માટે તેમને હવાલે કરીએ છીએ. તે સંબંધે ખુદાવંદતઆલા ઉપરોક્ત આયતના છેલ્લા ભાગમાં એ વાતનો ઉલ્લેખ ફરમાવે છે: "વ સલ્લિમૂ તસ્લીમા" "અને તસ્લીમ કરો, જેવું કે તસ્લીમ કરવાનો હક છે." તસ્લીમ કરવાનો અર્થ, પોતાની જાતને સમર્પણ કરી દેવી તથા તાબેદારી કરવાનો થાય છે. યાને મુઅમિનની ફરજ છે કે તે ખુદાના ફરમાન મુજબ રસૂલ અને તેમની આલની, કંઇ પણ ચું કે ચાં કર્યા વગર અને રાજીખુશીથી પૈરવી તથા તાબેદારી કરે જેમકે ફરમાવવામાં આવ્યું છે; કે; "વ મા આતા કુમુર્રસૂલુ ફખુઝૂહુ વ મા નહા કુમ અન્હુ ફન્તહુ" (૫૯/૭) યાને "રસૂલ તમને જે આપે તે લઇ લયો અને જે ચીજની મનાઇ કરે તેને તજી દયો."

સારાંશ કે સલવાત યાને રહેમતનો હકીકી અર્થ, એવું ઇમાન રાખવાનો છે, કે મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલ પર હમેશા ખુદાની રહેમત છે અને એ રહેમતે

ખુદાવંદી (ખુદાઇ કૃપા) મેળવવા માટે મુઅમિન પર ફરજ છે કે હમેશાં તેમની છત્રછાયામાં રહે. યાને તેમની પૈરવી અને ફરમાન બરદારી કરે અને તેમની મારફત ખુદાઇ રહેમતની પ્રાપ્તિ કરે, જેમાં સદાને માટેની રૂહાની શાંતિ, નિરાંત તથા અનાદિ રહેમત છે એજ કારણે હઝરત પીર હસન કબીરદીન (રહે.) ફરમાવે છે, કે;

બૂજો રે ભાઇ છત્ર કોણ તણાં ?
છત્ર નબી મુહમ્મદ મુસ્તફા તણાં જી.

તો હુઝૂર સલ્અમ અને પવિત્ર ઇમામોની છત્રછાંયા મુઅમિનોને માટે દીન તથા દુનિયામાં, દરેક રૂહાની તેમજ જિસ્માની આફતો તથા તકલીફોથી બચવા માટેની એવી મજબુત ઢાલ સમાન છે કે જેની હાજરીમાં મુઅમિન પર કોઇ પીડા અસર કરી શકતી નથી. વધુમાં એજ બાબતમાં પીર નાસર ખુસરવ (ક.સ.) ફરમાવે છે કે ;

પિસરાને અલી આંનહા કે ઇમામાને હકન્દ;
બ જલાલત બજાહાને દર ચું પિદર મુશ્તહરન્દ
સિપસ આં પિસરાન રવબસર અઝ આંકે તૂરા
પિસરાને અલી વ ફાતિમા ઝ આતિશ સિપરન્દ.

યાને હઝરત અમીરૂલ મુઅમિનીન અલી અલયહિસ્સલામના પૂત્રો એવા છે કે જે સાચા ઇમામો છે અને તેઓ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે તેમજ પોતાના પિતાજીની પેઠે પ્રખ્યાત છે તમે એ આલની તાબેદારી કરો જે હઝરત અમીરૂલ

મુઅમિનીન અલી (અલયહિસ્સલામ) તથા હઝરત ફાતિમતુ-ઝઝહરા (અલયહા સલામ) ની ઔલાદ છે અને તેઓ તમારે માટે, જહન્નમની આગથી બચવા માટેની ઢાલ જેવા છે.

સારાંશ કે હઝરત મુહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલની સાથે ખુદાની રહેમત સકળાયેલી છે અને તેમના પર સલવાત પઢવી દીને ઇસ્લામમાં ફરજીયાત તથા વાજિબ છે અને એ એટલું જરૂરી છે કે તેના વગર કોઇ નમાઝ કબૂલ નથી થતી. તેથી ઇમામ શાફઇએ કેવું સુંદર રીતે કહ્યું છે કે;

કફાકુમ મિન અઝીમિલ કદ્રિ અન્નકુમ;
મન લમ યુસલ્લ અલયકુમ, લા સલાતલહુ

અર્થાત: "(હે, રસૂલે ખુદાના અહલે બયત! આપના મરતબાની પ્રતિષ્ઠામાં એટલું જ પુરતું છે કે આપના પર જે શખ્સ નમાઝમાં સલવાત નથી પઢતો તેની નમાઝ બરાબર નથી."

આ પ્રમાણે સલવાતમાં ઘણા બધા રૂહાની તેમજ દુનિયવી ફાયદા સમાયેલા છે. એ કારણે સરકાર મૌલાના સુલતાન મુહમ્મદશાહ અલયહિ સ્સલાતો વસ્સલામે ફરમાવ્યું છે; કે, "તમે બંદગી કરો ત્યારે સલવાતો ઝાઝી પઢજો કે જેથી ઇન્શાઅલ્લાહ તમારૂં જોર દિન પ્રતિદિન વધતું જશે અને તમારા દુશ્મનો દૂર થશે અને તમારા ગુનાહ માફ થશે અને તમે બહેશ્તમાં જશો અને દીદાર નસીબ થશે."

'હુજ્જતિલ અમ્ર'નો ખુલાસો એ છે કે ખુદાવંતઆલાએ કોઇ પણ જમાનામાં આ દુનિયાને હાદી વગરની નથી રાખી કે જેથી કયામતના દિવસે લોકો એમ ન કહે કે હે અમારા પરવરદિગાર, અમારા સમયમાં આપ તરફથી કોઇ હાદી, હાજર અને મૌજૂદ નહોતો.

જેમ કે કુર્આને શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે:

"લઅલ્લા યકુન લિન્નાસિ અલલ્લાહિ હુજ્જતુમ્બ અદર્રૂસુલ" (૪/૧૬૫)

અર્થાત: "કે જેથી પયગમ્બરો પછી લોકો તરફથી ખુદા પર કોઇ જવાબદેવાનો ભાર ન રહે."

<u>અલ્લા હુમ્મ લક સુજૂદી વ તાઅતી.</u>

"હે અલ્લાહ મારા સિજદા અને મારી તાબેદારી તારાજ માટે છે."

<u>સિજદાની હકીકત:-</u>

સિજદાથી બંદાની અત્યંત નમ્રતા અને ખુદાવંતઆલાની અપરંપાર મહત્તા જાહેર થાય છે. સિજદો કરતી વખતે બંદો પોતાના સર્જનહાર અને હકીકી માલિક કે જે જીવંત અને કાયમ છે અને સમસ્ત સંસારનો પાલન હાર અને રાજ રાજા ધિરાજ પણ છે. તેની સમક્ષ પોતાના અસ્તિત્વને કંઇ પણ ન સમજતા છેલ્લા દમ સુધી તેની સાચી

તાબેદારી તથા ફરમાન બરદારી કરવાનું અસલી સ્વરૂપ પેશ કરે છે. એ માટે સિજદો માત્ર માથું ઝૂકાવી દેવાથી જ નથી થતો પરંતુ પોતાના 'સ્વ'ને, સર્વશકિતમાનને આધિન કરી દેવાનું નામ સિજદો છે. જેમ કે એક શાયરે કહ્યું છે;

સુપુર્દમ બતૂ માયએ ખીશ રા
તુ દાની હિસાબે કમો બીશ રા.

અર્થાત: મેં મારૂં સર્વસ્વ તારે હવાલે કરી દીધું છે. કેમ કે તુંજ વધઘટ હિસાબ જાણે છે."

ખુદાવંદતઆલા ઇન્સાનના સિજદાઓનો મોહતાજ નથી. બલ્કે એ તો ખુદાવંદતઆલાની નિકટતા પ્રાપ્ત કરવાનું એક સાધન છે જેમાં બંદો પોતાના અસ્તિત્વને સંપૂર્ણ પણે નાબુદ કરી દઇને ખુદાવંદતઆલાની આત્મિક નિકટતા ઇચ્છે છે. વળી એ પણ જાણવું જોઇએ કે ખુદાવંદતઆલાની નિકટતામાં જ મોમિનને માટે દીન તથા દુનિયાની ભલાઇ તથા બહેતરી સમાયેલી છે. બલ્કે એમ કહેવું જોઇએ કે ખુદાઇ નિકટતામાં એવી દરેક ચીજ મોજૂદ છે જેની બંદો અભિલાષા રાખે છે તો આ હકીકતથી કોઇ ઇન્કાર નથી કરી શકતું કે પોતાની જાતને સર્વાંશે મિટાવી દેવા પછી જ ખુદાવંદતઆલાની સાચી નિકટતા પ્રાપ્ત થઇ શકે છે. જેમ કે પીર હસન કબીરદીને (રહે.) પોતાના ગિનાનમાં ફરમાવ્યું છે કે.

"એજી નહિ કુછ હોશો તો સર્વે કુછ થાએશો;"
એવા સર્વે કુછ શાહેબજીને ભાવે.

ખુદાવંદતઆલાએ કુઆર્ને હકીમમાં ફરમાવ્યું છે કે.
૯૬/૧૯

વસ્જુદ વકતરિબ

યાને "સિજદા કરો અને ખુદાવંદતઆલાની નજીક થઇ જાઓ."

આ હિકમતપૂર્ણ આયતમાં ખુદાવંદતઆલાએ સિજદાને ખુદાઇ નિકટતા સાથે સાંકળી દીધો છે જેની હિકમત એ છે કે જે માણસ સિજદાની હકીકતને સાચી રીતે સમજી લયે તો એ માણસ તેના પર અમલ કરીને ખુદાવંદતઆલાની નિકટતા પ્રાપ્ત કરી લયે છે.

જેની પરાકષ્ટા ખુદાવંદતઆલા સાથે રૂહાની મિલાપની છે. જેમ કે હઝરત ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ સલ્વાતુલ્લાહિ અલયહિએ ફરમાવ્યું;

જ્યારે તમે સિજદો કરો એ વખતે માંગો કે (હે ખુદા) અમને અસલ મકાને પહોંચાડ. જેવી રીતે બાળક પોતાની માતાથી વિખુટું પડી જાય છે અને ખોવાઇ જાય છે ત્યારે તે રડે છે કે કયારે મા પાસે જઇ પહોંચું. તમે પણ એવા થાઓ."

આ રીતે દુઆના દરેક પાઠમાં છેવટે જ્યારે આપણે સિજદો કરીએ છીએ એ વખતે આપણે ખુદાવંદતઆલાની રૂહાની નિકટતા ઇચ્છીએ છીએ.

(પાઠ ૨ જો)

# ઈમામે વકતની ઓળખ

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ.

"યા અય્યુહલ્લઝીન આમનૂ અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ વ ઉલિલ અમ્રિ મિન્કુમ."

હે ઇમાન વાળાઓ, તાબેદારી કરો અલ્લાહની અને તાબેદારી કરો રસૂલની અને (તાબેદારી કરો) હુકમના સાહેબની જે તમારામાંથી છે.

આ આયતે કરીમામાં ત્રણ પ્રકારની ફરમાન બરદારીઓ અર્થાત ઇતાઅતે ખુદા, ઇતાઅતે રસૂલ અને ઇતાઅતે સાહેબાને અમ્ર (ખુદાની, રસૂલની તથા હુકમના સાહેબોની ફરમાન બરદારી)નું એક સાથે વર્ણન છે અને એ ત્રણેય ફરમાન બરદારીઓનો એક સાથે ઉલ્લેખ કરવામાં એ હિકમત છે, કે સાચી રીતે ઇતાઅત (તાબેદારી) એકજ છે પરંતુ સમય અને સંજોગો અનુસાર તથા પરિસ્થિતિના વારાફેરાનું ધ્યાન રાખીને એ ત્રણ શિર્ષકો (નામ) હેઠળ વર્ણન કરાયેલ છે. તેથી નીચે મુજબ એનું સ્પષ્ટીકરણ કરવાની કોશિષ કરવામાં આવી છે.

ખુદાની તાબેદારીમાં એ આદેશો શામેલ છે જે સામાન્ય રીતે માનવ સમાજને ટકાવી રાખવા માટે જરૂરી છે અને એ આદેશો સમયના વારાફેરા સાથે બદલાતા નથી. બલ્કે એ અટલ છે. દા. ત. કત્લ. જુઠ, ચોરી, વ્યભિચાર વગેરે (મનાઇ હુકમો) એ આજ્ઞાઓને સર્વગ્રાહી તથા વિશિષ્ઠતાઓની દ્રષ્ટિએ ખુદાની તાબેદારી ગણવામાં આવી છે અને એ આજ્ઞાઓને શરીઅતે અકલી (બુધ્ધિના નિયમો) પણ કહેવામાં આવે છે.

ઇતાઅતે રસૂલમાં એ આદેશો તથા આજ્ઞાઓ શામેલ છે જે રસૂલ પોતાના સમયમાં જ્યારે નવી શરીઅત લાવે છે તો તેમાં અમુક આદેશો સંક્ષિપ્ત રીતે આયાતે મુતશાબિહાત (મોઘમ આયાત) સ્વરૂપે બયાન કરે છે અને તેની વધારે સમજણ પોતાનો વખત આવતાં કરે છે અને એ કામ પોતાના અસાસ અને વસી તથા તેમના પછી ઇમામોને સુપ્રત કરે છે જેઓ એને તાવીલના સ્વરૂપમાં વર્ણન ફરમાવે છે.

હુકમના સાહેબોની તાબેદારીનો ભાવાર્થ ઇમામોના એ ઇરશાદો અને ફરમાનો છે જે પોત પોતાના જમાનામાં પયગમ્બરની શરીઅતની બાતુની તાવીલની હકીકત વર્ણન કરતા, સમયની માંગ મુજબ ફરમાવે છે. ઇતાઅતે રસૂલ અને ઇતાઅતે સાહેબે અમ્રને લગતા જે આદેશો તથા મનાઇ હુકમો છે તેમને "શરીઅતે વઝઇ" પણ કહેવામાં આવે છે એટલે કે તે આજ્ઞાઓ અને ફરમાનો એવાં છે કે જે સમયાનુસાર બદલતાં રહે છે જો કે તેઓનો બાતુની ઉદ્દેશ તથા અર્થ એકજ થાય છે દાખલા તરીકે દરેક નાતિક, આગલા નાતિકની

શરીઅતથી જુદા પ્રકારની એક બીજી શરીઅત લાવે છે અને દરેક ઇમામ પોતાના જમાનામાં આગલા ઇમામોના ફરમાનોથી જુદા પ્રકારના ફરમાનો ફરમાવે છે.

તો ઇતાઅતે ખુદાનો ભાવાર્થ એ પાયાના સિદ્ધાંતો તથા પ્રકૃતિના નિયમોની ફરમાન બરદારી છે જેની બુન્યાદ પર ઇન્સાની સમાજ કાયમ છે. અને તેનો ભંગ કરવાથી સરળ અને સુસભ્ય જીંદગી ગુજારવાનું અશકય થઇ પડે છે. ઇતાઅતે રસૂલનો ભાવાર્થ એ આદેશોની ફરમાન બરદારી કરવાનો છે કે જે રસૂલે પોતાના વખતમાં સંક્ષિપ્ત રીતે બયાન ફરમાવેલ છે અને હુકમના સાહેબોની ફરમાન બરદારીનો ભાવાર્થ એ ફરમાનો તથા આદેશો છે જે પવિત્ર ઇમામો પોત પોતાના જમાનામાં સમયમાં ફેરફારો સાથે ઇરશાદ ફરમાવે, જે રસૂલે પોતાના દૌરમાં ફરમાવ્યા નહોતા, કારણ કે સમયની માંગ નહોતી. એ માટે ખુદાનો હુકમ છે, કે કોઇ પણ આદેશ, સમય આવતાં પહેલાં પ્રચલિત કરવામાં ન આવે જેમ કે ફરમાવ્યું છે; કે વ "કુર્આનન ફરકનાહુ લિતકરઅવું અલન્નાસિ અલા મુકસ." (૧૭:૧૦૬)

અર્થાંતઃ અને અમે કુર્આનમાં અર્થોને જુદા જુદા રાખ્યા છે કે જેથી તમે, લોકોને માટે ક્રમવાર પઢતા રહો.

તો અનુક્રમની જરૂર દરેક જમાના માટે છે, તે એટલા માટે કે જમાનાના ફેરફાર અને જમાનાની પ્રગતિ કયાંય જઇને અટકતી નથી. તેથી રસૂલની દા'વતનો સંબંધ કયામત સુધી છે અને રસૂલે અકરમ પોતાના ખાકી શરીર સાથે દા'વત દઇ

શકતા નહોતા, એ માટે ખુદાએ એ કામ હુકમના સાહેબોની હંમેશની હિદાયત યાને મુબારક ફરમાનોના સ્વરૂપમાં ચાલુ રાખ્યું છે જે તેના રસૂલ પછી "ઝુર્રિય્યતમ બઅઝુહા મિમ્બઅઝ" અને "નૂરન અલા નૂર" તરીકે કયામત સુધી હિદાયત કરતા રહેશે. અને ઉલિલ અમ્ર અથવા સાહેબે અમ્ર સંખ્યાબંધ કુર્આની આયતો તેમજ નબીની હદીસોની રોશનીમાં હઝરત અમીરૂલ મુ'મિનીન અલી (અ.સ.) અને તેમની પવિત્ર આલ છે. એ સંબંધે એક આયતમાં ઇરશાદ છે કે, "ઇન્નમા અન્ત મુન્ઝિરૂંવ વલિ કુલ્લિ કૌમિન હાદ" (૧૩:૭).

અર્થાત: (હે મુહમ્મદ!) આપ ફકત ડરાવવાળા છો અને દરેક કોમને માટે એક હાદી હોય છે.

આ આયતની શાને નુઝૂલમાં તફસીરે સાફીમાં "તફસીરે મજમઉલ બયાન"ના હવાલાથી વર્ણન કરાયું છે કે જ્યારે આ આયત નાઝિલ થઇ ત્યારે આં હઝરતે (સ.અ.વ.) ફરમાવ્યું "અના અલ મુન્ઝિરૂ વ અલીયુન અલ હાદી મિમ્બઅદી યા અલી, બિક યહતદિલ મુહતદૂન"

યાને "હું તો ડરાવવાવાળો છું અને અલી (અ.સ.) મારા પછી હાદી છે." અને પછી હઝરત અલી (અ.સ.)ને સંબોધીને ફરમાવ્યું, "યા અલી, મારા પછી હિદાયત પામવાવાળા તમારી મારફતજ હિદાયત મેળવશે."

અને "કાફી"માં હઝરત ઇમામ મુહમ્મદ બાકિર (અ.સ.)થી રિવાયત છે કે "રસૂલુલ્લાહિ અલ મુન્ઝિરૂ વલિ

કુલ્લિ ઝમાનિમ મિન્ના હાદ." યાને રસૂલુલ્લાહ (સ.અ.વ.) ડરાવવાવાળા હતા અને દરેક જમાનાને માટે અમારામાંથી એક હાદી છે." અને હઝરત ઇમામ જઅફરૂસ્સાદિક (અહો) થી રિવાયત છે, "કુલ્લુ ઇમામિન હાદિન લિલકરનિલ્લઝી હુવ ફી હિમ." યાને દરેક ઇમામ એ ઝમાનાના હાદી છે, જેમાં તેઓ છે."

હવે આ આયતમાં ત્રણ તાબેદારીઓનો ભાવાર્થ એ નથી કે એ ત્રણ તાબેદારીઓ છે, બલ્કે એ ત્રણેય એકજ ખુદાની તાબેદારી છે અને એમાં જે ફરક છે તે ફકત તબકકાઓનો છે. તેથી ખુદાની તાબેદારી સર્વાંગી તથા નકકર રીતે સામાન્ય છે અને તેના રસૂલની ઇતાઅત ખાસ છે. અને તેનાથી દરેક જમાનાના ઇમામની તાબેદારી ખાસમાં ખાસ છે. આવી રીતે ખુદાવંદતઆલાએ રસુલની તાબેદારીને પોતાની તાબેદારી તરીકે ગણાવી છે અને રસૂલુલ્લાહે (સ.અ.વ.) પાક ઇમામોની ઇતાઅતને ખુદાની તાબેદારી ગણાવી છે; જેમ કે, "વ મંય યુતિઇર્રસૂલ ફકદ અતાઅલ્લાહ" (૪:૮૦).

યાને "જેણે રસૂલની તાબેદારી કરી, તેણે ખુદાની તાબેદારી કરી અને રસૂલુલ્લાહે (સ.અ.વ.) પવિત્ર ઇમામો સંબંધે ફરમાવ્યું છે કે "મન અતઅહુમ ફકદ અતાઅલ્લાહ વમન અસાહુમ ફકદ અસલ્લાહ વ હુમુલ ઉર્વતુલ વુસ્કા વલ વસીલત ઇલલ્લાહ."

યાને "જેણે તેઓ (ઇમામો)ની તાબેદારી કરી તેણે ખુદાની તાબેદારી કરી અને જેણે તેઓની નાફરમાની કરી

તેણે ખુદાની નાફરમાની કરી તેઓ (ઇમામો) દીનની મજબુત રસ્સી અને અલ્લાહ સુધી પહોંચવાના એક માત્ર વસીલા (સાધન) છે."

તો એ સ્પષ્ટ થયું કે ઇમામે ઝમામની તાબેદારી અને રસૂલની તાબેદારી, ખુદાનીજ તાબેદારી છે અને તેમાં કોઇ તફાવત નથી.

## ઇમામે મુબીનનો મર્તબો

"વ કુલ્લ શયઇન અહસયનાહુ ફી ઇમામિમ્મુબીન" ૩૬:૧૨

અર્થ: "અને અમે બધી ચીજોને જાહેર ઇમામમાં એકત્ર કરી રાખી છે" યાને ઇમામે બરહકના નૂરમાં સકળ સંસાર અને સૃષ્ટિની દરેક ચીજ ઇલ્મી તથા રૂહાની સ્વરૂપમાં મોજુદ છે. આ વિષે "તફસીરે સાફી" માં "તફસીરે કુમી" ના હવાલાથી અમીરૂલ મુઅમિનીન અલી (અ.સ.) થી આ આયતના બારામાં રિવાયત છે કે, આપે (અ.) ફરમાવ્યું "અના વલ્લાહિલ ઇમામુલ મુબીન ઉબય્યિનુલ હક્ક મિનલ બાતિલિ વરિસ્તુહુ મિરરસૂલિલ્લાહ."

અર્થાત: "ખુદાના સોગન હું જ એ ઇમામે મુબીન છું. હું હક અને બાતિલ (સત્ય અને જુઠ) નુ સાફ સાફ વર્ણન કરી દઉં છું અને મેં આ પદવી જનાબ રિસાલતમઆબ (સ.અ.વ.) પાસેથી વારસામાં મેળવી છે.

વળી તફસીરે સાફીમાં "એહતજાજે તબરસી" ના હવાલાથી જનાબે રસૂલે ખુદા (સ.અ.વ.) થી એક હદીસ નકલ કરવામાં આવી છે કે આપે ફરમાવ્યું;

"યા મઆશરનનાસિ, મામિન ઇલ્મિન ઇલ્લા અલ્લમનિય્યુહુ રબ્બી વ અના અલ્લમતુહુ અલીય્યન વ કદ અહસાહુ ફીય વ કુલ્લુ ઇલ્મિન અલ્લમતહુ ફકદ અહસયતુહુ ફી ઇમામિલ મુત્તકીન વમા મિન ઇલ્મિન ઇલ્લા અલ્લમતુહુ અલીય્યન."

અર્થાત: "હે માનવ સમુહ! કોઇ એવું ઇલ્મ નથી કે જે મારા પરવરદિગારે મને શિખવ્યું ન હોય અને મે એની તાલીમ હઝરત અલી (અ.) ને ન આપી હોય. અને એ દરેક ઇલ્મ જેને તેણે મારી અંદર ઘેરી દીધું છે નિશંક મેં એને ઇમામુલ મુત્તકીનમાં ઘેરી રાખ્યું છે. અને કોઇ ઇલ્મ એવું નથી જેની મેં હ. અલી (અ.) ને તાલીમ ન આપી હોય."

વળી આં હઝરતે (સ.અ.વ.) મૌલાના અલી મુર્તઝા (અ.સ.) ની શાનમાં ફરમાવ્યું: "અલીય્યુમ બાબુ ઇલ્મી વ મુબીનુ લિ ઉમ્મતી મા ઉર્સિલતુ બિહી મિમ્બઅદી" યાને "હઝરત અલી (અ.સ.) મારા ઇલ્મના દરવાજા છે અને તેઓ મારા પછી મારી ઉમ્મતને માટે એ ચીજનું વર્ણન કરશે જેની સાથે મને મોકલવામાં આવ્યો છે યાને મારી લાવેલી શરીઅતની હકીકત તથા તઅવીલ બયાન ફરમાવશે.

કેટલાક અનુવાદકો ઇમામે મુબીનનો અર્થ "લવહે મહેફુઝ" કરે છે પરંતુ તેમાં ભૂલ ત્યાં છે કે તેમાં શાબ્દિક

મતભેદ જોવામાં આવે છે કેમકે (ધારોકે) ઇમામનો અર્થ જો લોહ કરવામાં આવે, તો પણ મુબીનનો અર્થ "મહેફુઝ" નથી થઇ શકતો કારણ કે "મહેફુઝ" નો અર્થ તો છુપાવવાનો છે જેમ કે અરબી ભાષામાં કહેવાય છે કે "હફિઝસ સિર" અર્થાત તેણે ભેદ છુપાવ્યો. તો ઇમામે મુબીનનો અર્થ "લવહે મહેફુઝ" નથી થઇ શકતો. બલ્કે તેનો અર્થ તો વિખ્યાત અને જાહેર ઇમામ છે કે જે દુનિયામાં માનવજાતની હિદાયતને માટે હર જમાનામાં હાજર અને મૌજુદ રહે છે.

અલ્લાહુમ્મ યા મઉલાના અન્તસ્સલામ વ મિન્કસ્સલામ વ ઇલયકા યરજિઉસ્સલામ હય્યિના રબ્બના બિસ્સલામ વ અદખિલના દારસ્સલામ તબારકત રબ્બના વ તઆલયત યા ઝલ જલાલિ વલ ઇકરામ.

અર્થાત: "હે અલ્લાહ, હે અમારા મૌલા! તુંજ સલામતી છે અને તારાથીજ સલામતી છે અને સલામતી

તારા તરફજ પાછી ફરે છે હે અમારા પરવરદિગાર, તું અમને હકીકી (સાચી) સલામતી ઇનાયત ફરમાવ. અને અમને સલામતીના ઘરમાં દાખલ કર. હે શાનો શૌકત (પ્રતિષ્ઠા અને પ્રતિભા) ના માલિક! તુંજ મહાન બરકતવાળો અને સર્વોચ્ચ છે."

સલામ :—

એ ખુદાએ તઆલાનું એક સિફાતી નામ છે જેનો શબ્દાર્થ; શરીર અને જીવની સ્વસ્થતા તંદુરસ્તી, અને સંપૂર્ણતા થાય છે અને દીની પરિભાષામાં તેનો અર્થ રૂહાની અને નૂરાની મદદ થાય છે. યાને એ રૂહાની અને નૂરાની મદદ કે જે ઓલિયા અલ્લાહ (ખુદાના દોસ્તો) તથા ખાસ મુઅમિનોને ઇબાદત તથા બંદગીના પરિણામે પ્રાપ્ત થાય છે.

યા અલી મદદનો ખુલાસો :—

"અલ્લાહુમ્મ, યા મઉલાના મિનક મદદી વ અલયક

મુઅતમદી, ઇય્યાક નઅબુદુ વ ઇય્યાક નસ્તઇન, યા અલી, બિલુત્ફિક અદરીકની."

અર્થાત: "હે અલ્લાહ, હે અમારા મૌલા! તારાથી મારી (રૂહાની) મદદ થાય છે અને તારા ઉપરજ મારો ભરોસો અને આધાર છે. અમે તારીજ ઇબાદત કરીએ છીએ અને તારાથીજ મદદ માંગીએ છીએ. યા અલી! આપની કૃપા અને મહેરબાનીથી મારી મદદે પહોંચો."

કલિમાએ ઇખ્લાસ:-

લા ઇલાહા ઇલ્લલ્લાહ મુહમ્મદુર્રસુલુલ્લાહ અલીય્યુન અમીરૂલ મુઅમિનીન અલીય્યુલ્લાહ.

અર્થાત: "અલ્લાહ સિવાય કોઇ ઇબાદતને પાત્ર નથી મુહમ્મદ (સ.અ.વ.) ખુદાના રસૂલ છે. મોમિનોના સરદાર અલી (અ.સ.) ખુદાવંદતઆલા તરફથી છે."

કલિમાએ ઇખ્લાસ દીને ઇસ્લામનો પાયો છે. એ પઢયા વગર કોઇ દીને ઇસ્લામમાં દાખલ થઇ શકતું નથી. તેમાં બંદો ખુદાવંદતઆલાની વહેદાનિયત (એકતા) નો અને રસૂલ (સ.) ની તાલીમનો ઇકરાર કરે છે તેના અર્થો એટલા વિશાળ છે કે તેમાં આલમે દીન (મઝહબી જગત) આલમે રૂહ (રૂહાની દુનિયા) અને આલમે જિસ્મ (શારીરિક જગત) યાને મા કાન વમાયકુન (જે કંઇ હતું અને જે કંઇ થશે) તેના તમામ રહસ્યો છુપાયેલાં છે. રસૂલે (સ.અ.વ.) કલિમાએ ઇખ્લાસની મહત્વતાના બારામાં ફરમાવ્યું છે કે "ઇન્નહા લવ વુઝેઅન ફી કફ્ફતિમીઝાની વ વુઝિઅતિસ્સમાવાતિ વલ અર્ઝુ વમા બયન હુમા ફિલ કફ્ફતિલ ઉખરા લરજહત કલિમતુલ ઇખ્લાસ."

અર્થાત: "રસૂલુલ્લાહે (સ.અ.વ.) કલિમાએ ઇખ્લાસ યાને લા ઇલાહા ઇલ્લલ્લાહુના બારામાં ફરમાવ્યું કે અગર કલિમાએ ઇખ્લાસને ત્રાજવાના એક પલ્લામાં રાખવામાં આવે અને બીજા પલ્લામાં આસમાનો, જમીન અને તેમાં જે કંઇ મળી આવે છે તેને રાખવામાં આવે તો પણ ખરેખર કલિમાએ ઇખ્લાસનું વજન ભારી રહેશે.

સૈયદના અલ મુઅય્યદ ફિદ્દીન અશ્શીરાઝી, તેનું સ્પષ્ટિકરણ કરતાં ફરમાવે છે કે આ એક એવો કલમો છે કે જે ખુદાની બધી ખલકત યાને આલમે અકલ (બુદ્ધિનું જગત) આલમે નફસ (મનનું જગત) આલમે અફલાક આકાશી દુનિયા તથા આલમે તબીઅત (ભૌતિક દુનિયા) ને પોતાના નાના કદ હોવા છતાં ઘેરી રાખેલી છે અને તેને વિષે વધુ ખુલાસાવાર વર્ણન સૈયદના નાસિર ખુસરવે પોતાની કિતાબ વજહુ દીનના અગિયારમાં પ્રકરણમાં ફરમાવ્યું છે:

દીનના બુઝુર્ગોએ ખુદાનો ઇકરાર કરવાની બે સ્થિતિઓ બતાવી છે જેમાં એકનો સંબંધ સામાન્ય લોકો સાથે છે અને તેમાં દરેક માણસ કોઇને કોઇ પ્રકારે ખુદાનો ઇકરાર કરે છે યાને તેને પોતાનાથી મહાન હોવાનું કબુલ કરે છે. તેને કોઇ ફિતરત (પ્રકૃતિ) અથવા ખુદા કહે અથવા તો બીજું કોઇ નામ આપે ગમે તેમ પણ તેને લાગે છે કે એ આપ મેળે પેદા નથી થયો પણ કોઇ બીજીજ હસ્તીએ તેની ઉત્પત્તિ કરી છે જેમકે કુર્આને મજીદમાં સામાન્ય લોકોની એવી માન્યતાને વિષે આ પ્રમાણે ફરમાવવામાં આવ્યું છે કે, "વલઇન સઅલતહુમ મન ખલકહુમ લયકુલુન્નલ્લાહ."

અર્થાત: "અને અગર તું તેઓને પૂછે, કે તેમને કોણે પેદા કર્યા? તો તેઓ જરૂર કહેશે, કે અલ્લાહતઆલાએ."

તો આ ઇકરારને "ઇકરારે અવ્વલ આમ ખલ્કી" કહેવામાં આવે છે અને બીજો ઇકરાર જે શુદ્ધ અહેલે

મારિફતનો ઇકરાર છે અને જે સાહેબે અમ્ર વગર પ્રાપ્ત નથી થઇ શકતો, તેને ઇકરાર દોમ ખાસ અમ્રી (યાને બીજો ખાસ સત્તાવાર ઇકરાર) કહેવામાં આવે છે અને એ ઇકરાર એ મુઅમિનોનાં હોય છે જેઓ સાહેબે અમ્રની હિદાયત હેઠળ હોય છે. આવી જાતના ઇકરારના બારામાં કુર્આને શરીફમાં ફરમાવવામાં આવ્યું છે કે,

"ઝાલિક બિ અન્નલ્લાહુ મવલલ્લઝીન આમનૂ વ અન્નલકાફિરીન લા મવલા લહુમ." ૪૭–૧૧

અર્થાંતઃ "આ એ માટે કે અલ્લાહતઆલા એ લોકોનો સરપરસ્ત છે જેઓ ઇમાન લાવી ચૂકયા છે અને તે એ કે કાફિરોને માટે કોઇ સરપરસ્ત નથી."

હવે જોવાનું એ છે કે મહાન પ્રતિષ્ઠાવંત ખુદાવંદની વહદાનિયત (એકતા) નો એવો ઇકરાર જે તેની વહદાનિયતને છાજે એવો હોય, તે સામાન્ય માણસ ઇકરાર કરે છે કે તેને ખુદાએ પૈદા કર્યો છે, પયગમ્બર તથા પવિત્ર ઇમામોની તાલીમ વગર ખુદાની વહદાનિયતનો સાચો ઇકરાર બહુજ મુશ્કેલ છે. એ કારણે પહેલા ઇકરારને આમ ખલ્કી (સામાન્ય માણસનો) કહેવામાં આવે છે. અને બીજાને ખાસ અમ્રી ઇકરાર કહેવામાં આવે છે. પહેલા ઇકરારમાં માણસ પોતાની અધુરી અક્કલના પાયા પર ખુદાના બારામાં જે કંઇ પણ કહે છે તો હકીકતમાં તે ખુદાની વહદાનિયતની ગવાહી નથી હોતી બલ્કે પોતાની અક્કલ પ્રમાણે વિવિધ ધારણા બાંધી લયે છે તો તેથી એ

વિષયમાં પીર શાહબુદ્દીનશાહ અલ હુસૈની (ક.સ.) ફરમાવે છે કે

"આ (અધુરી અક્કલને) કારણે વિવિધ કોમો અને દેશોના ખુદા જુદા જુદા પ્રકારના થઇ ગયા ખુદ એકજ ઇન્સાનનો ખુદા, તેની ઉમરના જુદા જુદા ભાગોમાં જુદી જુદી જાતનો હોય છે. તે માટે બુદ્ધિ અને ચિંતન દ્વારા ખુદાની હકીકત માલુમ કરવી પોતે પોતાની જાતને છેતરવા જેવું છે. માણસ માત્રની એ ટેવ હોય છે કે તે સર્વગુણ સંપન્નનો ગુણ ખુદાને લાગુ કરે છે અને અધુરાપણાને તેમાંથી દુર કરે છે અને આ તે એ કારણે નથી કરતો કે તે ખુદાની હકીકત સુધી પહોંચી ગયો છે, પણ એ તેની પોતાની અક્કલનીજ ભ્રમણા હોય છે આ સંબંધે મૌલાના મોહમ્મદ બાકિર અલયહિસ્સલામનુ વિખ્યાત વચન છે કે એક કીડી જેનો માત્ર એકજ ડંખ હોય છે એ સમજે છે કે ખુદાને જરૂર ઓછામાં ઓછા બે ડંખ તો હશેજ! કેમ કે તેને માટે તો એકથી વધુ ડંખ હોવા એજ કમાલની વાત છે, સારાંશ કે ઇન્સાન માત્ર અકલ તથા ચિંતન દ્વારા કયારેય પણ ખુદાની મારિફત સુધી પહોંચી શકતો નથી. એ માટે ખુદાવંદતઆલાએ પોતાની સનાખતને માટે દુનિયામાં પોતાના મઝહર મોકલ્યા, કે જેથી તેમની મારફત ખુદાની ઓળખાણ થઇ શકે. અને તેમના વગર ખુદાવંદી મારિફત પ્રાપ્ત થવી અશકય છે. એ કારણે કે અગર સૂરજની મારિફત હાંસિલ નથી થઇ શકતી, જ્યાં સુધી કે તેને જાતે જોઇ લેવામાં ન આવે જેમ કે મૌલાના રૂમ ફરમાવે છે;

આફતાબ આમદ દલીલે આફતાબ
ગર દલીલત બાયદ અઝ વયરૂ મતાબ

અર્થાંતઃ સૂરજની દલીલ સૂરજ પોતેજ છે અગર તને દલીલ (સાબિતી) જોઇએ તો તેના તરફથી મોઢું ન ફેરવ.

તો અર્થમાં પયગમ્બર અલયહિસ્સલાતો વસ્સલામે ફરમાવ્યું છે, કે "મન રઆની ફકદ રઅયલ હક્ક" યાને જેણે મને જોયો તેણે ખુદાને જોયો વધુમાં ફરમાવ્યું કે, "અના અહમદ બિલા મિમ વ અના અરબ બિલા ઐન" યાને હું મીમ વગરનો અહમદ (યાને અહદ) છું અને ઐન વગરનો અરબ (યાને રબ) છું.

મેહમૂદ શબિસ્તરી આ સંબંધે "ગુલશને રાઝ"માં ફરમાવે છે કે,

ઝ અહમદ તા અહદ યક મીમ ફર્કસ્ત
જહાની અંદરીં યક મીમ ગર્કસ્ત

અર્થાંતઃ અહમદ અને અહદની વચ્ચે એક "મીમ"નોજ ફરક છે અને આખી દુનિયા એ મીમની અંદર ગરક છે."

અને એ ફરક એ છે કે પયગમ્બર (સ.) પોતાની માનવ પ્રકૃતિ અને શારીરિક દ્રષ્ટિએ ખુદા તરફથી માનવ જાતને માટે પયગમ્બર હોય છે પરંતુ પોતાની બાતુની હકીકત અને અલુહિયત (ખુદાઇ સ્વભાવ)ની દ્રષ્ટિએ એ પોતે ખુદા સાથે સંકળાયેલા છે અને તેમાં (જુદા પણું) ખતમ થઇ જાય છે જેમ કે મોલાના રૂમ ફરમાવે છે;

નય ગલત ગુફતમ કે નાયબ યા મનૂબ
ગર્દી પિન્દારી કબીહ આયદ ન ખૂબ

નહિ (આ શેર ફારના ઉલ્લેખમાં) મેં ભૂલ કરી: કેમ કે અગર તમે નાયબ તથા તેની નિમણુંક કરનારને બે સમજશો તો એ ખરાબ વાત છે, સારી નથી.

સારાંશ કે ખુદાની સાચી મારિફત તેના સાચા નાયબ (પ્રતિનિધિઓ) દ્વારા થઇ શકે છે કે જેઓ તેના સાચા મઝહર (પ્રગટ પાત્ર) છે.

તેજ કારણે પવિત્ર અઇમ્મએ કિરામ અલયહિમુસ્સલામનો ઇરશાદ છે કે; "મન અરફના ફકદ અરફલ્લાહ" યાને "જેણે અમારી શનાખ્ત કરી તેણે ખુદાની શનાખ્ત કરી."

તો ખુદાની સાચી શનાખ્ત અંબિયાએ કિરામ અને અઇમ્મએ અતહાર (પવિત્ર ઇમામો) અલયહિમુસ્સલામની આપેલી તાલિમ દ્વારા પ્રાપ્ત થાય છે; અને લા ઇલાહ ઇલ્લલ્લાહ નકાર અને હકારના સ્વરૂપે જે વિચાર રજુ કરવામાં આવ્યો છે, તે અંબિયા તથા અઇમ્મહ અલયહિમુસ્સલામનો ઇલ્મી મોજિઝો છે કે જેમાં તેમણે આખું વિશ્વ અને તેની અંદર જે કંઇ છે તેની હકીકત તથા ખુદાવંદી મારિફત સમાવી દીધી છે.

આમ કલિમાએ ઇખ્લાસમાં એ મહાન હકીકત છુપાયેલી છે એ માટે હુઝૂરે (સ.અ.વ.) ફરમાવ્યું;

"મન કાલ લા ઇલાહ ઇલ્લલ્લાહ ખાલિસન મુખ્લિસન દખલલ જન્નહુ"

અર્થાત: "જે માણસે શુધ્ધ અને સાચા હૃદયથી લા ઇલાહ ઇલ્લલ્લાહ કહ્યું; એ જન્નતમાં દાખલ થઇ ગયો."

એ માટે કલિમાએ ઇખ્લાસને કલીદે બહિશ્ત (બહેશ્તની કુંચી) પણ કહેવામાં આવે છે.

હવે એ વાત જ્યારે સ્પષ્ટ થઇ ગઇ, કે ખુદાની મારિફતના સાચા માધ્યમ ફકત અંબિયા તથા અઇમ્મહ (અયહિમુસ્સલામ)જ હોય તેના પછી એ હકીકત પણ જરૂરી અને આવશ્યક થઇ પડે છે કે કલિમાએ ઇખ્સાસ માત્ર "લા ઇલાહ ઇલ્લલ્લાહ" કહેવાથી પુરો નથી થતો પરંતુ તેની સાથે મુહમ્મદુર્રસૂલુલ્લાહ અને તેના પછી અલીય્યુન અમીરૂલ મુઅમિનીન અલીયુલ્લાહ અને એ પછી ઝમાનાના ઇમામનું મુબારક નામ આવવું જરૂરી છે. તે એ કારણે કે; "લા ઇલાહ ઇલ્લલ્લાહ"ની સીધે સીધી ગવાની; "સનુરીહિમ આંયાતિના ફિલ આફાકી વ ફી અન્ફુસિહિમ હત્તા યતબય્યન લહુમ અન્નહુલ હક્ક." (૪૧-૫૩)

અર્થાત: "અમે પોતાની નિશાનીઓને આકાશો તથા પ્રાણોમાં દેખાડી દઇશું કે જેથી સત્ય સ્પષ્ટ થઇ જાય"ની બીના પર માત્ર રસૂલ (સ.અ.વ.) આપે છે અને તેમના પછી તેમના જાનશીન પવિત્ર ઇમામો (અલહિમુસ્સલામ) જ્યાં સુધી ઉમ્મતને લાગે વળગે છે, તે તેઓની ગવાહીના આધારે

ગવાહી આપે છે પરંતુ સીધી રીતે ખુદાની હકીકત સમજવાને લાયક નથી હોતી એટલે કે તે શહાદત (ગવાહી) ની સાથો સાથ અસલી (સાચા) શાહેદ, યાને પયગમ્બર અને તેમના પછી ઇમામનું નામ આવવું જરૂરી છે કે જેથી અમારી શહાદત (ગવાહી) સાચી થઇ જાય.

તે ઉપરાંત એક હિકમતથી ભરપૂર મુદ્દો એ પણ છે, કે ખુદાની શનાખતના મામલામાં આપણી શનાખતનો સંબંધ પયગમ્બર અને ઇમામની શનાખત સુધી મર્યાદિત છે એ કારણે તેઓજ ખુદાના મઝહર છે, તેઓજ ખુદાના નામ, તેઓજ ખુદાના ચહેરા, હાથ અને આંખો છે. જેમ કે હઝરત પયગમ્બરે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે; "મન રઆની ફકદ રઇઅયલ હકક" યાને જેણે મને જોયો, તેણે ખુદાને જોઇ લીધો. વધુમાં વળી પવિત્ર ઇમામોનો પણ ઇરશાદ છે કે "મન અરફના ફકદ અરફહુ" યાને જેણે અમારી શનાખત કરી તેણે ખુદાની શનાખત કરી.

સારાંશ કે કલિમાએ ઇખ્લાસ એ વખતે પુરો થાય છે જ્યારે તેની સાથે હઝરત પયગમ્બર (સ.) તથા ઝમાનાના ઇમામનું માનવંતુ નામ આવી જાય. જેમ કે "આયતે ઇતાઅત" ની શરૂઆતમાં તેનું સ્પષ્ટિ કરણ કરવામાં આવ્યું છે કે ખુદાની તાબેદારી. પયગમ્બર (સ.) અને ઉલૂલ અમ્રની તાબેદારી વગર પૂરી નથી થતી. બલ્કે ઉલૂલ અમ્રની તાબેદારી ખુદાની તાબેદારી છે એજ પ્રમાણે ખુદાની શનાખત, પયગમ્બર (સ.અ.વ.) અને ઇમામે ઝમાનની શનાખત વગર પૂરી નથી

થતી. અને એની અગત્ય વિષે હઝરત પયગમ્બરે (સ.અ.વ.) ફરમાવ્યું કે: મન માતઃ વલમ યઅરફ ઇમામઝમાનિહી ફકદ માત મૈતતન જાહિલિયહ અલ જાહિલુ ફિન્નાર. અર્થાંતઃ "જે કોઇ માણસ, ઇમામે ઝમાનની મારિફત વગર મરી ગયો તે જાહિલના મોતે મર્યો અને જાહેલનું ઠેકાણું આગમાં છે."

અગર ઇમામે ઝમાનની શનાખ્ત વગર ખુદાની શનાખ્ત થઇ શકતી હોત, તો ઇમામે ઝમાનની શનાખ્ત વગર મરનારને જાહેલ ઠરાવવામાં ન આવ્યો હોત.

સારાંશ કે લા ઇલાહ ઇલ્લલ્લાહ પછી હઝરત પયગમ્બર (સ.અ.વ.) હઝરત મૌલાના અલી અલયહિસ્સલાતો વસ્સલામ તથા ઝમાનાના ઇમામ હઝરત મૌલાના શાહ કરીમ અલ હુસૈની (અ.સ.) ના મુબારક આનવંતા નામો લેવામાં મહાન હિકમત છુપાયેલી છે અને તેના અર્થો સમજવા મુઅમિનોને માટે અત્યંત જરૂરી છે.

* * *

પાઠ ત્રીજો

# કુર્આનની તબલીગનો અંતિમ હેતુ: વિલાયત

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

"યા અય્યુહર્રસૂલુ બલ્લિગ મા ઉન્ઝિલ ઇલયક મિર્રબ્બિક વ ઇલ્લમ તફ્અલ ફમા બલ્લગ્ત રિસાલતહૂ વલ્લાહુ યઅસિમુક મિનન્નાસ" ૫-૬૭

"અય રસૂલ, જે કંઇ તારા પરવરદિગાર તરફથી નાઝિલ કરવામાં આવ્યું છે તેને (લોકો સુધી) પહોંચાડી દે અને જો તેં તેમ ન કર્યું તો (જાણે) તેં અલ્લાહનો સંદેશ ન પહોંચાડયો અલ્લાહ લોકોથી તારી રક્ષા કરશે."

આ આયતની શાને નઝૂલ વિષે બધાજ શીઆ તફસીર નવેશો અને કેટલાક સુન્ની તફસીરકારો એક મત છે કે આ આયત હઝરત અમીરૂલ મોઅમનીન મૌલા અલી (અ.સ.) ની વિલાયત જાહેર કરવા માટે નાઝિલ થઇ છે.

તે ઉપરથી સૈયદના કાઝી નોઅમાનની કિતાબ "દઆઇમુલ ઇસ્લામ"માં સાદિકે આલે મુહમ્મદ હઝરત ઇમામ જાફર સાદિક (અ.સ.) થી રિવાયત છે કે આયતે વિલાયત યાને:

ઇન્નમા વલીય્યુકુમુલ્લાહુ વ રસૂલુહૂ વલ્લઝીન આમનુલ્લઝીન યુકીમુનસ્સલાત વયુતુનઝઝકાત વહુમ રાકિઊન (૫-૫૫)

અર્થ: "ખરેખર તમારો વલી અલ્લાહતઆલા અને તેના રસૂલ છે અને એ લોકો (પણ છે) કે જેઓ ઇમાન લાવી ચૂકયા (તથા) નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે એ હાલતમાં કે જયારે તેઓ રૂકુ કરી રહ્યા હોય.

તો આ આયત જયારે નાઝિલ થઇ અને તેમાં હઝરત અલી (અ.સ.)ની વિલાયતને ઉમ્મત સુધી પહોંચાડવાતો અને તેનો ઉદ્દેશ સમજાવવાનો હુકમ થયો ત્યારે આપ (સ.અ.વ.) નું દિલ બેસી ગયું અને આપના દિલમાં ભય ઉત્પન્ન થયો કે કયાંક ખુદા ન ખાસ્તા લોકો મુર્તદ (ફરી ગયેલા) બની ન જાય અને આપની નબુવ્વતનો નકાર કરી ન બેસે. એ અંદેશાથી આપે અમ્રે વિલાયત (વિલાયતના આદેશ)ના બારામાં ફરીથી રબ્બુલ ઇઝઝતનો સંપર્ક સાધ્યો ત્યારે ખુદાવંદતઆલાએ આ (યા અય્યુહર્રસૂલુ બલ્લિગ) હુકમ નાઝિલ ફરમાવ્યો.

અને આ રિવાયતમાં આવ્યું છે કે આ આયત ગદીરે ખુમથી લગભગ ત્રણ માઇલના અંતર પર હજફા નામના સ્થળે નાઝિલ થઇ તેના નુઝૂલ (ઉતરાણ) પછી આં હઝરત (સ.અ.વ.)

તેને પહોંચાડવાની બહુજ કાળજી ફરમાવી અને હજ પઢવા આવેલા લોકોને એકઠા કરવા માટે આપે "અસ્સલાતુ જામિઆ" નો અવાજ દેવરાવ્યો અને બધા એકઠા થઇ ગયા તો આં હઝરત (સ.અ.વ.) એ હઝરત અમીરૂલ મુઅમિનીન અલી (અ.સ.) નો હાથ પકડયો અને પોતાની પાસે ઉભા કરાવ્યા અને પછી લોકોને સંબોધીને ફરમાવ્યું;

"ઐયુહન્નાસ ઇઅલમુ અન્ન અલિય્યન મિન્ની બિ મન્ઝિલતી હારૂન મિન્મુસા ઇલ્લા અન્નહુ લા નબી બઅદી વહુવ વલીયુકુમ બઅદી ફમન કુન્તુ મૌલાહુ ફઅલિય્યુન મૌલા" અર્થાત "હે લોકો સારી રીતે સમજી લ્યો કે અલીનો મરતબો મારી નજીક એવોજ છે જેવો હારૂનનો મરતબો મુસાની નજીક હતો સિવાય એના કે તે મારા પછી નબી નથી. અને મારા પછી એ તમારા વાલી છે. તો જેનો હું મૌલા છું તેના અલી મૌલા છે."

પછી આપે (સ.અ.વ.) પોતાના બન્ને હાથ ત્યાં સુધી ઉંચા કર્યા કે આપ (સ.અ.વ.) ની બગલ મુબારકની સફેદી જોવામાં આવી અને ફરમાવ્યું; અલ્લાહુમ્મ વાલિમન વાલાહુ વ આદેમન આદાહુ વન્સુર મન નસરહુ વખ્ઝુલ મન ખઝલહુ વ અદરિલહક્ક મઅહુ હઇસુદાર."

અર્થાતઃ "હે મહાન ખુદાવંદ! તું એ માણસને મોહબ્બત કરજે જે અલી (અ.) સાથે મોહોબ્બત રાખે છે. અને એનાથી દુશ્મની રાખજે કે જે અલી સાથે દુશ્મની રાખે છે. અને એની મદદ કરજે, જે અલી (અ.) ની મદદ કરે છે. અને

એની મદદ ન કરજે, જે અલી (અ.) ની મદદ નથી કરતો. અને અલી (અ.) જ્યાં પણ હોય, ત્યાં હક પણ તેમની સાથે હોય.

એ પછી, આપે (સ.અ.વ.) આ સંદેશો પ્રસિદ્ધ ફરમાવ્યો; કે જેઓ હાજર છે તેઓ આ સંદેશાને ગેર હાજર લોકો સુધી પહોંચાડી દીયે.

ત્યાર બાદ, તફસીરે સાફી પાનું ૧૨૮ પર, તફસીરે અજમઉલ બયાનના હવાલાથી તથા દઆઇમુલ ઇસ્લામ પાનું ૧૯ ઉપર, હઝરત ઇમામ મુહમ્મદ બાકિર (અ.સ.) અને હઝરત ઇમામ જાઅફરુસ્સાદિક (અ.સ.) થી મનકુલ (લખાયેલું) છે કે, આ આયતે કરીમા નાઝિલ થઇ.

"અલ યવમ અકમલતુ લકુમ દીનકુમ વ અતમમતુ અલયકુમ નિઅમતી વ રઝીતુ લકુમુલ ઇસ્લામ દીના" ૫-૩

અર્થાતઃ મેં આજના દિવસે તમારા દીનને સંપૂર્ણ કરી દીધો અને મારી નેઅમત તમારા પર પૂરી કરી દીધી અને મેં તમારે માટે દીને ઇસ્લામ પસંદ કર્યો."

હઝરત ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે કે આ આયત દ્વારા જેમાં ખુદાએ દીનની પરિપૂર્ણતા તથા ન્યામતોની પૂર્ણાહુતિની ખબર આપી છે, ઉમ્મતને એ વાતથી પરિચિત કરી દેવા માગે છે કે હવે હું વિલાયતની ફરજ પછી કે જે આખરી ફરજ છે, બીજી કોઇ ફરજ ઉતારવાવાળો નથી.

હઝરત અમીરૂલ મુઅમિનીન અલી (અ.સ.)ની વિલાયતના બારામાં જનાબે રસૂલ અકરમે (સ.અ.વ.) ફરમાવ્યું છે કે;

"ઊર્સી મન આમન બિલ્લાહિ વબી વ સદ્દકની બી વિલાયતી અમીરિલ મુઅમિનીન અલી ઇબ્ને અબી તાલીબ ફે ઇન્ન વિલાઅહુ વિલાઇ વ અમરૂન અમરની બિહી રબ્બી વ અહદુન અહિદહુ ઇલય્ય વ અમરની અન ઉબલ્લિગુ કુમૂહુ અન્હુ."

અર્થાત: "જે લોકો મારા પર અને ખુદા ઉપર ઇમાન લાવ્યા અને મારી નબુવ્વતની ખાતરી કરી તો હું તેઓને અમીરૂલ મુઅમિનીન અલી (અ.સ.)ની વિલાયતની વસીયત કરૂં છું કેમ કે અલીથી મોહબ્બત કરવી, મારાથી મોહબત કરવા બરોબર છે અને આ વિલાયત એક એવો આદેશ છે કે જે પહોંચાડવાનો ખુદાએ મને હુકમ આપ્યો છે અને ખુદાએ મારાથી એ વાયદો કર્યો છે કે હું આ 'વિલાયત'ના હુકમને ખુદા તરફથી તમો લોકો સુધી પહોંચાડી દઇશ."

વિલાયતની આ અગત્યતાની બીના પર પવિત્ર ઇમામોએ એને ઇસ્લામના સાત સ્તંભોમાંથી એક મહાન સ્તંભ ગણાવેલ છે. અને તેથીજ હઝરત ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે કે;

"બુનિયલ ઇસ્લામ અલા સબ્આ દઆઇમ અલ વિલાયતુ વહિય અફઝલુહા વબિહા બિલ વલીયિ યુસિબુ ઇલા મઅરિફતિહા"

અર્થાત: "ઇસ્લામની બુનિયાદ સાત સ્થંભો પર છે અને તેમાં વિલાયત સૌથી મહાન છે અને એજ વિલાયત અને વલી (ઇમામે ઝમાન) દ્વારા બીજા સ્થંભોના પરિચય સુધી પહોંચી શકાય છે."

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહ (અ.સ.) વિલાયતના બારામાં ફરમાવે છે કે; "દીનની બહેતરીને માટે અમે તમને એક ફરમાન ફરમાવીએ છીએ. જેમાં બધુંજ આવી જાય છે. બધાથી મહત્વની વાત એ છે કે; મા, બાપ, માલ અને જાનથી પણ વધારે, મુહમ્મદ (સ.) અને અલી (અ.)ના જાનશીન પર ઇમાન મજબુત રાખજો. અગર તમે મુહમ્મદ (સ.) અને અલી (અ.સ.)ના વંશજો સાથે મોહબ્બત રાખશો તો તમને દુનિયામાં કોઇનો પણ ડર રહેશે નહિં. આ એક ફરમાનમાં ઇબાદત, બંદગી અને મઝહબની બધી ખુબીઓ આવી જાય છે.

લા ઇલાહ ઇલ્લલ્લાહ હુલ હૈયુલ કૈયુમ

અલ્લાહ સિવાય કોઇ માબૂદ (ઇબાદતને લાયક) નથી જે હયાત અને કાયમ છે.

લા ઇલાહ ઇલ્લલ્લાહુલ મલિકુલ હકુકુલ મુબીન.

અલ્લાહ સિવાય બીજો કોઇ માબૂદ નથી કે જે હકીકી જાહેર બાદશાહ છે.

લા ઇલાહ ઇલ્લલ્લાહુલ મલિકુલ હકુકુલ યકીન

અલ્લાહુ સિવાય બીજો કોઇ માબૂદ (ઇબાદતને લાયક) નથી કે જે ચોકકસ ખરેખર બાદશાહ છે.

લા ઇલાહ ઇલ્લલ્લાહુલ માલિકુ યવમિદ્દીન

અલ્લાહુ સિવાય બીજો કોઇ માબૂદ નથી કે જે કયામતના દિવસનો માલિક છે.

લા ઇલાહ ઇલલલ્લાહના કલમાઓ કુર્આને હકીમના 'કલિમાતે તામા' માંથી છે યાને તેનો ભાવાર્થ એ છે કે તે એવાં ટુંકા વાકયો છે કે જેમાં સૃષ્ટિ અને સંસારના સત્યો સંબંધે ઘણા બધા રહસ્યો સમાવી દેવામાં આવ્યા છે. આ કલિમાઓને નફી વ ઇસબાત (નકાર અને હકાર) નાં ત્રાજવાં પણ કહેવામાં આવ્યા છે અને નકાર તથા હકારના સ્વરૂપમાં તેમાં આખા દીને ઇસ્લામ બલ્કે સમસ્ત સંસાર તથા સૃષ્ટિના સત્યોનું ઇલ્મ સમાવી દેવામાં આવ્યું છે. તેની સંપૂર્ણ તાવીલ સય્યદના પીર નાસિર ખુસરવે (ક.સ.) પોતાની કિતાબ "વજહદીન" માં કલામ નં. ૧૧ માં બયાન ફરમાવી છે.

લાફતા ઇલ્લાઅલી લા સઇફ ઇલ્લા ઝુલ્ફિકાર.

અર્થાંતઃ હઝરત અલી (અ.સ.) સિવાય કોઇ શુરવીર નથી અને (તેમની તલવાર) ઝુલ્ફિકાર સમાન કોઇ તલવાર નથી.

સૈયદના કાઝી નુઅમાન, "અસાસુત્તઅવીલ" માં ફતાની તાવીલમાં ફરમાવે છે કે;

"આનો ભાવાર્થ એ પુરૂષ છે કે જે ઇમામતની લાયકાત તથા અધિકાર ધરાવનાર છે અને તેથીજ હદીસે કુદસીમાં પણ હઝરત અલી (અ.)ની જાહેરી બહાદુરી ઉપરાંત તેમની વિલાયત તરફ પણ ઇશારો છે. યાને વિલાયતની મહાન પદવીને માટે હઝરત અલી (અ.સ.) સિવાય બીજો કોઇ યોગ્ય પાત્ર નથી હોઇ શકતો. અને એજ દ્રષ્ટિએ ઝુલ્ફિકારનો ભાવાર્થ પણ ઇમામના એ ઇલ્મી મોજીઝાઓ છે જેની સામે કોઇની દલીલ ચાલી શકતી નથી.

તવસ્સલુ ઇન્દલ મસાઇબ બિ મઉલા કુમિલ હાઝિરિલ મઉજૂદ શાહ કરીમિલ હુસૈની.

અર્થાંતઃ "તમે મુસીબતોને વખતે મદદ માંગો અમારા ધણી હાજર અને મૌજુદ ઇમામ શાહ કરીમ અલ હુસૈનીની"

ખુદા તરફથી વસીલા, પયગમ્બર અથવા ઇમામે ઝમાનજ હોય છે અને ખુદા તરફ વસીલો શોધવા માટે ખુદ ખુદા તઆલાએ મોમિનોને ઇરશાદ ફરમાવ્યું છે કે;

"વબ્તગુ ઇલયહિલ વસીલા" ૫-૩૫

અર્થાંતઃ "તે (ખુદા)ની તરફ વસીલો શોધો."

તફસીરે સાફીના ૧૩૪મા પાના પર તફસીરે કુમીના હવાલાથી એ સંબંધે લખવામાં આવ્યું છે કે; ખુદાથી, ઇમામ દ્વારા નઝદીકી પ્રાપ્ત કરો.

વળી ઉયુનુલ અખ્બારમાં જનાબે રસૂલુલ્લાહ (સ.અ.વ.)નું વચન વર્ણવવામાં આવ્યું છે; "ઇમામો, હઝરત ઇમામ હુસૈન (અ.સ.)નો પરિવાર છે. જેણે તેમની તાબેદારી કરી, તેણે ખુદાની તાબેદારી કરી અને જેણે, તેમની નાફરમાની કરી તેણે ખુદાની નાફરમાની કરી. તેઓ દીનની મજબુત રસ્સી અને અલ્લાહતઆલા સુધી પહોંચવાનો એક માત્ર આધાર (વસીલો) છે.

માટે દરેક મુસીબત વખતે ઇમામે ઝમાનને જ વસીલો બનાવવાની મોમિનની ફરજ છે.

અલ્લાહુમ્મ લક સુજૂદી વ તાઅતી

ઓ અલ્લાહ મારા સિજદા અને મારી બંદગી તારા માટે છે.

★ ★ ★

ભાગ ૪ થો

# હકીકી બયઅત મારે પયગમ્બર અથવા ઇમામે ઝમાનની મૌજુદગી

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

ઇન્નલ્લઝીન યુબાયિઉનક ઇન્નમા યુબાયિઉનલ્લાહ યદુલ્લાહિ ફૌક અયદીહિમ, ફમન નકસ, ફઇન્નમા યન્કુસુ અલા નફસિહ, વમન અઉફા બિમા આહદ અલયહુલ્લાહ, ફસયુઅતીહિ અજરન અઝીમા.

અર્થાત: "(હે રસૂલ!) જેઓ તારી બયઅત કરે છે તેઓ બચીત જ અલ્લાહુતઆલાથી બયઅત કરે છે અલ્લાહનો હાથ તેઓના હાથો ઉપર છે પછી જે (બયઅતનો કોલ) તોડશે તો તેનો કોલ તોડવાનો ભાર તેના પરજ પડશે અને જેઓ વાતને પૂરી કરશે; જે પર (બયઅતમાં) અલ્લાહ સાથે કોલ કર્યો છે તો ઘણો જલ્દી અલ્લાહ તેને ઘણોજ મોટો બદલો આપશે."

બયઅત શબ્દ બયઅથી નીકળ્યો છે 'બયઅ'નો શબ્દ દ્વિઅર્થી શબ્દોમાંથી છે અને તેના બે અર્થ થાય છે.

ખરીદવું અને વેચવું અને અરબી ભાષામાં બયઅત, એ શારીરિક હુલન ચલનને કહેવામાં આવે છે જે બે માણસોની વચ્ચે કોઇ કરાર નક્કી થવાની નિશાની છે અને જેમાં હાથ સાથે હાથ મિલાવવામાં આવે છે.

પરિભાષિક અર્થમાં બયઅતના સામાન્ય રીતે બે પ્રકાર છે. એક તો જાહેરી બયઅત જે કોઇ બાદશાહને માટે કરવામાં આવે છે અને તેમાં તેની સ્થાપિત થયેલી હુકુમતને માન્ય રાખી તેની તાબેદારી કરવામાં આવે છે. અને બીજી દીની તથા રૂહાની બયઅત છે કે જે પયગમ્બર અને ઇમામે વકત અલયહિસ્સલામને માટે કરવામાં આવે છે અને તેમાં પયગમ્બર અને તેમના જાનશીન યાને ઇમામે ઝમાન દ્વારા મુઅમિનો પાસેથી વચન લેવામાં આવે છે કે ખુદાની ખુશનુદી (પ્રસન્નતા) તથા હમેશને માટેની નજાતને માટે, દરેક જાતની જાન તથા માલની કુરબાની દેવા રાજી અને તૈયાર રહેશે અને એ કારણે મોમિનને માટે આ વાત અત્યંત જરૂરી છે, કે મોમિન પુરુષ અથવા મોમિન સ્ત્રી, બધીએ ખરાબ ઇચ્છાઓથી હાથ ઉપાડી લ્યે. રૂહાની અને દીની બયઅત, તેના વગર સંપૂર્ણ નથી થતી. જ્યારે જાહેરી હુકુમતની ફકત જાહેરી બયઅત હોય છે.

સારાંશ કે બયઅત, દીને ઇસ્લામ, બલ્કે જગતના બધાજ ધર્મોમાં એક બુન્યાદી મહત્વ ધરાવે છે. બયઅતની અંદર ખુદાએ ઘણી હિકમતો છુપાવી રાખી છે. જેમાં એક અગત્યની હિકમત એ છે કે તેમાં ખુદાતઆલાની તાબેદારીનો, રસૂલ તથા દરેક જમાનામાં તેમના નિયુકત જાનશીનોની તાબેદારીનો

ખાલિસ (નિર્ભેળ) અને બિન શરતી કોલ લેવામાં આવે છે અને હકીકત એ છે કે જ્યાં સુધી મોમિન આ રીતની બયઅત અને તાબેદારી ન કરે, ત્યાં સુધી તે મોમિનના મરતબા પર પહોંચી નથી શકતો અને હકીકી મોમિન એ છે, કે જે ખુદાના આદેશો અને મનાઇ હુકમો પર, રસૂલ તથા તેમના જાનશીનની તાબેદારી સ્વરૂપે તન મનથી પાબંદ (બંધાયેલો) રહે અને તેમના હુકમનું જરાય ચું કે ચાં કર્યા વગર અને આનાકાની કર્યા વગર પાલન કરે. જેમ કે કુર્આને કરીમમાં મોમિનની શરતોના બારામાં ફરમાવવામાં આવ્યું છે.

"ફલા વ રબ્બિક લા યુંમિનૂન હત્તા યુહકિકમૂક ફીમા શજર બૈનહુમ સુમ્મ લા યજિદૂ ફી અન્ફુસિહિમ હરજમ્મિમ્મા કઝયત વ યુસલ્લિમૂ તસ્લીમા"

અર્થાત: "(હે રસૂલ) તમારા પરવરદિગારના સોગંદ, એ લોકો કદી પણ મોમિન નહિ થશે, જ્યાં સુધી કે એ ઝગડાઓમાં જે તેઓની વચ્ચે પડેલા છે, તમને મધ્યસ્થી ન બનાવી લયે. પછી જે કંઇ તમે ચુકાદો આપો તેનાથી પોતાના દિલોમાં તંગી ન જુએ અને તમને એવા માની લયે કિ જેવા માનવાનો હક છે."

આનો સારાંશ એ નીકળ્યો કે આવી જાતની નિર્ભેળ બયઅત પરથીજ મોમિન મહાન ઇનામનો હકદાર ઠરે છે જેમાં મોમિન પોતાના જાન અને માલને ખુદાની પ્રસન્નતાના માર્ગમાં તુચ્છ સમજે છે અને તેનો એ માત્ર તે પ્રસન્નતાને ખાતરજ ઉપયોગ કરે છે. તો આવી બયઅતના પરિણામે, એવી જાન

માલની કુરબાનીથી જે અજરે અઝીમ (મહાન ઇનામ) મળે છે જેમાં મોમિનને માટે હંમેશની ખુશાલી અને સદાને માટેની નજાત છે. એ વિષે ફરમાવે છે;

"ઇન્નલ્લાહશ્તરા મિનલ મુઅમિનીન અન્ફુસહુમ વ અમ્વાલહુમ બિઅન્ન લહુમુલ જન્નહ." ૯–૧૧૧

અર્થાંતઃ "બેશક અલ્લાહુતઆલાએ, મોમિનોથી તેઓના જાન અને તેઓની સંપત્તિ ખરીદી લીધા કે ખરેખર તેઓને માટે જન્નત હોય."

તો આ રીતે તે મહાન બદલો જે જન્નતના સ્વરૂપમાં મોમિનોને મળે છે તેને અજરે અઝીમ, એ માટે કહેવામાં આવ્યો છે કે, મોમિન પોતાની થોડા દિવસની જીંદગીમાં પોતાના નાશવંત શરીર અને માલને જ્યારે ખુદાની રાહમાં સાચી નિયતથી અર્પણ કરે છે તો તેના બદલામાં તેને એ મુકામ અને મર્તબો અને હમેશની ખુશાલી ઇનાયત કરાશે કે જેની કોઇ હદ કે મર્યાદા નથી. એટલા માટે હઝરત પયગમ્બર (સ.અ.વ.) એ આ અજરે અઝીમના બારામાં ફરમાવ્યું છે કે;

"ફીહા લા અયનુન રાઅત વ ઉઝિન સમિઅત વલા ખતર અલા કલ્બિલ બશર.

અર્થાંતઃ "બહેશ્તની અંદર મોમિનને માટે જે આનંદ અને આસાયશો છે તેના સંબંધે ન કોઇની આંખોએ જોયેલ છે ન કાને સાંભળેલ છે અને ન કોઇના દિલમાં તેની કલ્પના

કે ખ્યાલ પણ આવી શકે છે કે જેની મારફત તેનું અનુમાન કરી શકાય.

તેથી આ અજરે અઝીમ એ સમય સુધી નસીબ નથી થતો જ્યાં સુધી કે મોમિન પોતાનો જીવ અને સંપત્તિ, પયગમ્બર અથવા ઇમામે ઝમાનની બયઅત દ્વારા કે જે ખુદાની બયઅત છે, ખુદાની હુઝૂરમાં પહોંચવાને માટે પેશ ન કરી દયે કેમ કે બયઅતનો એક અર્થ તો ખરીદ વેચાણ પણ છે, જેનું આ પહેલા વર્ણન થઇ ચુક્યું છે અર્થાત આ ખુદા અને બંદા વચ્ચેનો એક રૂહાની ખરીદ વેચાણ છે અને તેનું એક માત્ર માધ્યમ પોત પોતાના જમાનાની રૂએ પયગમ્બર અથવા ઇમામજ છે અને તેમના વગર આ લે-વેચ થઇજ નથી શકતી. અને જે માણસને પયગમ્બર (સ.) અથવા ઇમામે ઝમાન (અ.)ની બયઅત નસીબ નથી થતી અથવા તો બયઅત કર્યા પછી તોડી નાખશે તો એ આ અજરે અઝીમથી વંચિત રહી જશે.

આ ઉપરથી એ હિકમત પણ જાહેર થાય છે કે, બયઅત કરવામાં મોમિનનો પોતાનો ફાયદો છે તે એ માટે કે તેની મારફત તેને પયગમ્બર (સ.) તથા ઇમામે ઝમાન (અ.)ની રૂહાની તાલીમ રૂપી સદાનું સદભાગ્ય નસીબ થાય છે અને અગર કોઇ બદનસીબ તેને તોડે છે તો તેમાં તેનું પોતાનુંજ નુકસાન છે તે એટલા માટે કે પયગમ્બર (સ.) તથા ઇમામે ઝમાન (અ.) તરફથી મુબારક ફરમાનો દ્વારા જે રૂહાની તાલીમ મળે છે અને જે નજાત તથા રૂહાની પ્રગતિનું સાધન

છે, તેનાથી એ વંચીત રહી જશે. અને રૂહાની તરક્કીથી પણ વંચીત રહી જશે એટલા માટે કે ધરતીના પટ ઉપર પયગમ્બર (સ.) અથવા ઇમામે ઝમાનનું અસ્તિત્વ (વજૂદ) મુબારક બંદાઓ પર ખુદાનો બહુ મોટો ઉપકાર છે જેની મારફત મોમિનોને ખુદાવંદી હિદાયત મળતી રહે છે એમ નહિ કે બંદા પયગમ્બર અથવા ઇમામની બયઅત કરે તો બંદાઓ તરફથી કોઇ અહેસાન હોય એ સંબંધે ખુદાવંદ તઆલા ફરમાવે છે;

"યમુન્નૂન અલયક અન અસ્લમુ કુલ્લા તમુન્નૂ અલય્ય ઇસ્લામકુમ બલિલ્લાહુ યમુન્નુ અલયકુમ ઇનહદાકુમ લિલ ઇમાની ઇનકુન્તુમ સાદિકીન ૪૯–૧૭

અર્થાત: (હે રસૂલ) એ લોકો તમારા પર ઉપકાર રાખે છે કે તેઓ ઇસ્લામ લાવ્યા કહી દયો કે તમે મારા પર પોતાના ઇસ્લામનો એહસાન ન રાખો, બલ્કે અલ્લાહતઆલા તમારા પર અહેસાન રાખે છે કે તેણે તમને ઇમાનને માટે હિદાયત કરી; જો તમે સાચા હો.

બયઅતની આયતમાં એક બીજી પણ મહાન હિકમત છે; કે પયગમ્બર અને તેમના જાનશીનો, હકીકતમાં ખુદાવંદી ગુણો તથા કાર્યોના પ્રગટ કેન્દ્ર (મઝહર) છે અને તેમનાથી જે કાર્યો થતાં હોય છે એ બધા ખુદાનાજ કાર્યા હોય છે તેઓમાં જો કે એક રીતે જુઓ તો માનવ પ્રકૃતિ જોવામાં આવે છે તો બીજી રીતે તેઓ માનવ પ્રકૃતિથી બહુજ ઉચ્ચ

અને ઉત્તમ હોય છે જેમ કે કુર્આનમાં એ હકીકત તરફ ઇશારો ફરમાવવામાં આવ્યો છે;

"કુલ ઇન્નમા અના બશરૂમ્મિસ્લુકુમ યુહા ઇલઇય્ય અન્નમા ઇલાહુકુમ ઇલાહુવ વાહિદ્દૂન" ૪૧-૬

અર્થાત: (હે રસૂલ) તમે કહી દયો; કે; હું સિવાય તેના નહિ કે તમારી માફક માણસ છું મારા તરફ વહી કરવામાં આવે છે. કે ખરેખર તમારો માઅબૂદ (ઇબાદતને લાયક) એક છે.

અહિં એ જાણવું જરૂરી છે કે અગર રસૂલને માનવની ઉપમાં આપવામાં આવી છે તો તેનો હરગીઝ એ અર્થ નથી કે તેમનામાં પણ બીજા ઇન્સાનોની જેમ માત્ર માનવ પ્રકૃતિજ હોય છે બલ્કે તેનો ભાવાર્થ માત્ર જાહેરી સ્વરૂપ અને આકાર સુધીજ મર્યાદિત છે અને એ સંબંધે કુર્આને કરીમમાં ઘણી બધી આયાત છે જે ઉપરથી માલુમ પડે છે કે કેટલાક પ્રસંગોએ ફરિશ્તાઓએ પણ માણસનું રૂપ ધારણ કરેલું છે દાખલા તરીકે હઝરત મરયમના વૃતાંતમાં આવે છે કે; "ફઅર્સલના ઇલયહા રૂહના ફતમસ્સલ લહા બશરન સવિય્યા." ૧૯-૧૭

અર્થાત: "પછી અમે તેના તરફ પોતાના રૂહને મોકલ્યો તો એ તેને માટે એક તન્દુરસ્ત માણસનો આકાર બની ગયો" એજ રીતે હઝરત ઇબ્રાહીમ (અલૈ) અને હઝરત લૂત (અલૈ)ની પાસે જયારે ફરિશ્તા આવ્યા, તો તેઓ પણ માણસના સ્વરૂપમાં હતા. તો તેથી એવો હરગીઝ મતલબ નથી

કે તેઓ બિલ્કુલ માણુસજ હુતા બલ્કે તેઓ હકીકતમાં રૂહાની અને નૂરાની સર્જન (મખ્લુક) હતા; જેઓ માણુસ જાતની હિદાયતને માટે માનવ આકારમાં જાહેર થયા અને એજ સ્થિતિ માનવંતા નબીઓની પણ છે અને અંબિયા અલયહિસ્સુસ્સલામને સામાન્ય માણુસ કહેવા એ કાફિરોની પ્રથા છે; જેઓ કહેતા હતા;

"અબશરૂય યહદૂનના ફકફરૂ વતવલ્લવવસ્તગ્નલ્લાહુ"

"તો તેઓ કહેવા લાગ્યા કે એક માનવી અમને હિદાયત કરે છે પછી તેઓ કાફિર થઇ ગયા અને તેઓએ મોઢાં ફેરવી લીધા અને અલ્લાહતઆલાએ પણ તેઓની પરવા ન કરી."

વળી ફરમાવવામાં આવ્યું છે કે;

"ફકાલુ અનુઅમિનૂ લિબશરૈનિ મિસ્લિના" ૨૩–૪૭

અર્થાંત: "પછી તેઓ કહેવા લાગ્યા કે; તો શું અમે અમારા જેવાજ બે માણુસો પર ઇમાન લઇ આવીએ?

સામાન્ય લોકોએ અંબિયા અલયહિસુસ્સલામના રૂત્બાની શનાખ્તમાં જે ભૂલ કરી છે તેના બારામાં મૌલાના રૂમ ફરમાવે છે કે;

જુમ્લા આલમ ઝીં સબબ ગુમરાહ સુદ;
કમ કસી ઝબ્દાલે હક આગાહ શુદ.

ગુફ્તા ઇનક મા બશર ઇશાન બશર
મા વ ઇશાન બાઇલ ખ્વાબીમો ખૂર
ઇં નદાનિસ્તન્દ ઇશાન અઝ અમા;
હસ્ત ફરકે દરમ્યાન બિ મુન્તહા.

અર્થ: આખી દુનિયા એજ કારણે ગુમરાહ થઇ ગઇ કે બહુ ઓછી સંખ્યાના લોકો અલ્લાહના દોસ્તોને ઓળખી શકયા. તેઓએ કહ્યું કે હયો! અમે પણ ઇન્સાન! અમે અને તેઓ બધા ખાવા અને સુવાવાળા છીએ. તેઓ પોતાના બાતુની અંધાપાને કારણે એ ન સમજી શકયા કે; તેઓ અને તે (ઓલિયા અંબિયા) વચ્ચે અપરંપાર મોટો ફરક છે.

એ પછી મૌલાના રૂમી અંબિયા અલયહિમુસ્સલામના શ્રેષ્ઠ મરતબા વિષે ફરમાવે છે;

ઇન ખુરદ ગર્દદ પલીદી ઝૂ જુદા
વાન ખુરદ ગર્દદ હમા નૂરે ખુદા
મારમયત ઇઝરમયત અહમદ બુદસ્ત
દીદનિ ઊ દીદનિ ખાલિક શુદસ્ત

જયારે એ સામાન્ય લોકો ખાય છે પીએ છે તેમાંથી ગંદકી પેદા થાય છે જયારે તેઓ (અંબિયા ઓલિયા) ખાય છે, તો તેમાંથી ખુદાનું નૂર બને છે "મારમયત ઇઝરમયત"ની હકીકત અને ભાવાર્થ હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.)ની શાન છે. આપ (સ.)ને જોવા એ ખુદ સૃષ્ટિના સર્જનહારને જોવા બરાબર છે."

વળી અલ્લામા મુહિયુદ્દીન ઇબ્ને અરબી આયતે બયઅતનુ સ્પષ્ટિકરણ કરતાં ફરમાવે છે કે;

"ઇન્નનનબી કદયુફની અનવજુદિહિ વયુહકકકુલ્લાહુ ફી ઝાતિહી વ સિફાતિહી વ અઅફઆલિહિ ફ કુલ્લુ મા સદરા અનહુ વ નુસબ્બ ઇલયહિ ફ કદ સદર અનિલ્લાહિ વ નુસબ્બ ઇલયહિ ફબા યઅતુહુ મુબાયિતિલ્લાહ તઆલા"

અર્થાત: "બેશક પયગમ્બર પોતાના અસ્તિત્વને મિટાવી દયે છે અને ખુદા તેની જાત, પ્રકૃતિ તથા કાર્યોમાં પ્રગટ થઇ જાય છે પછી એ હાલતમાં જે કંઇ પણ, તેના (પયગમ્બરથી) થઇ જાય છે અને તેમના તરફ લાગુ થઇ જાય છે તો ખચીત તે ખુદાથીજ નીકળે છે અને તેની તરફજ લાગુ થઇ જાય છે પછી એ હાલતમાં તેમની (પયગમ્બરની) બયઅત ખુદાની બયઅત છે."

ભાવાર્થ: બયઅતની આયતમાં એ હકીકતનો નિર્દેષ કરવામાં આવ્યો છે કે પયગમ્બર (સ.અ.વ.) અથવા ઇમામે ઝમાન (અહૌ) ની બયઅત, ખુદાની બયઅત છે, એ કારણ કે ખુદાના ખલિફા અથવા જાનશીન, રસૂલ અને રસુલના ખલિફા અથવા જાનશીન ઇમામે ઝમાન (અ.) છે. તો ઇમામ (અ.) ની બયઅત ખુદાનીજ બયઅત થઇ. તો દુનિયામાં ઇમામે ઝમાન (અહે.) ની બયઅત અત્યંત મહત્વની છે. અને તેના વગર કોઇ ઇતાઅત અથવા તન કે ધનની કુરબાની કબુલ નથી થઇ શકતી. વળી એ જાણવું જરૂરી છે કે હકીકી બયઅત અને તેની શરતો પર અમલ કરવો, એ ઇસ્લામ અને ઇમાનની

એક અંતિમ પરીક્ષા છે. અને એ પરીક્ષાને માટે રસૂલે ખુદા (સ.અ.વ.) અથવા ઇમામે ઝમાન (અલૈ)ની મોજુદગી (હાજરી) જરૂરી અને અનિવાર્ય છે. કેમ કે મોમિનોની હકીકી બયઅતને માટે દુનિયમાં એવી વ્યકિતનું હાજર અને મોજુદ હોવું જરૂરી છે. જેની માનવંત ઝાતના સબંધથી એ બયઅત, ખુદાની બયઅત કહેવડાવી શકે. અને તેમનો હાથ મુબારક, જેના પર મોમિનોએ બયઅત કરી તેને ખુદાનો હાથ ઠરાવી શકાય કે જેથી મોમિનોને પોતાના કરેલા કોલ કરાર વારંવાર યાદ આવી જાય કે તેમણે જાણે ખુદાતઆલાથીજ બયઅત કરી છે અને તેની રૂબરૂ થઇને તેની હકીકી ફરમાન બરદારીનું વચન આપેલ છે અને તેનો કયામતના દિવસે હિસાબ આપવાનો છે.

અલ્લાહુમ્મગ્ફિરલના ઝુનૂબના વરઝુકના વરહમના બિહકકી રૂસુલિકલ મુકર્રબીન વ અઇમ્મતિકલ મુતહહરીન વબિહકિક મૌલાના વ ઇમામિના શાહ કરીમિલ હુસૈની.

હે ખુદા, અમારા ગુનાહોની માફી બક્ષ, અમને રોઝી ઇનાયત ફરમાવ, અમારા પર રહેમ કર, તારી નિકટતા પામેલા રસૂલોને નામે અને તારા પવિત્ર ઇમામોને નામે અને અમારા મૌલા તથા ઇમામ, શાહ કરીમ અલ હુસૈનીને વાસ્તે

હે ખુદા અમારો સિજદો અને તાબેદારી તારેજ વાસ્તે છે.

ગફ્રનો અર્થ થાય છે છુપાવવું, પર્દાપોશી કરવી. (ઢાંકી દેવું) દર ગુજર કરવું, બખ્શી આપવું. અને એ શબ્દ મગ્ફિરહુમાંથી નીકળ્યો છે જેનો અર્થ થાય છે છેડો અથવા પડદો. અને તેનાથી ગફુર, ગફ્ફાર, ખુદાતઆલાના ગુણવાચક નામો તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે જેનો અર્થ થાય છે બહુજ છુપાવવાવાળો અને ગુનાહોનો બહુજ બખ્શવાવાળો, અને અરબીમાં દુઆ તરીકે કહેવામાં આવે છે: "અલ્લાહુમ્મ તગમ્મદની બે મગ્ફિરતિક"

અર્થાંતઃ "હે મહાન મરતબાવાળા ખુદાવંદ, પોતાના રક્ષણના પડદાથી મને ઢાંકી દે યાને મારા ઐબોને છુપાવી દે" અને આ પ્રમાણે જ્યારે કોઇ ચીજને છુપાવી દેવામાં આવે છે તો કહેવાય છે ગફરતિશ્શય અને તેથીજ ખોદ' કે જે માથાને છુપાવી દયે છે; અને રક્ષણ કરે છે તેને મિગ્ફિર કહે છે. તો મગ્ફિરહનો અર્થ ખુદાનું પોતાના બંદાના ઐબો તથા ગુનાહોને છુપાવવું અને ગુનાહોથી બચાવવું થાય છે. પીર હસન કબીરદીન (રહે) પણ આ રીતે વેનતી કરી છે કે:-

ભલી બતાવો યા શાહ બુરી તજાવો
હરદોએ હાથ તુમારે યા શાહ.........

★ ★ ★

પાઠ ૫ મો

# મોમીનને સોંપાએલ અમાનતોની સંભાળ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

યા અય્યુહલ્લઝીન આમનૂ લા તખૂનુલ્લાહ વર્રસૂલ વ તખૂનુ અમાનાતિકુમ વ અન્તુમ તઅલમૂન

હે ઇમાન લાવનારાઓ અલ્લાહ અને રસૂલની (અમાનતોમાં) ખયાનત કરો નહિ અને ન પોતાની અમાનતોમાં ખયાનત કરો કે જે તમે જાણતા હો.

આ આયતમાં બે શબ્દો ખયાનત અને અમાનતનું સ્પષ્ટિકરણ જરૂરી છે, જે એક બીજાના પરસ્પર વિરોધી શબ્દો છે.

શબ્દ ખયાનતનો અર્થ ઊણપ અને તે નુકસાન, ઓછપ, નિષ્ફળતા તથા વિશ્વાસઘાતનો પુરાવો આપે છે, કે જયાંથી અથવા જેનાથી કોઇ કામ પરિપૂર્ણ થવાની આપેક્ષા હોય, દા. ત. કોઇને તલ્વાર લાગી જાય તો કહેવાય છે; ખાનહુ સયફુહ યાને તેની તલ્વારે તેની સાથે ખયાનત કરી અર્થાત

નુકસાન પહોંચાડયું. અને જયાં કોઇના પગમાં ચાલવાની તેવડ બાકી ન રહે, તો કહેવાય છે; ખાનહુ રિજલહ અર્થાત તેના પગે તેની સાથે ખયાનત કરી યાને ચાલવામાં તેનો સાથ ન દઇ શકયા.

અને વિશ્વાસઘાતના અર્થમાં, કુર્આનમાં અન્યત્ર આવેલું છે કે;

અલિમલ્લાહુ અન્નકુમ કુન્તુમ તખ્તાનૂન અન્ફુસકુમ ૨—૧૮૭

અર્થ: અલ્લાહતઆલાને ખબર હતી કે તમે તમારા પ્રાણો સાથે ખયાનત કરી રહ્યા હતા.

આજ આયતમાં ખયાનત, અમાનતના વિરૂધ્ધાર્થમાં આવેલ છે. અમાનતનો મતલબ થાય છે વફા, અર્થાત કોઇ ભૌતિક અથવા રૂહાની હક પૂરો કરવો જેમકે કુર્આનમાં આવેલ છે કે;

ફઇન અમિન બા'ઝુકુમ બા'ઝન ફલયુઅદ્દિલ્લઝિઉતુમિન અમાનતહુ વલયત્તકિલ્લાહ રબ્બહુ: ૨—૨૮૩

"પછી અગર તમારામાંથી કોઇ બીજાને અમીન (વિશ્વાસુ) સમજી લયે, તો એ શખ્સ, જેને અમીન સમજવામાં આવ્યો છે તને જોઇએ, કે આપવાવાળાની અમાનત અદા કરે અને અલ્લાહતઆલાથી, જે તેનો પરવરદિગાર છે ડરે."

તો જાણે ખયાનતનો અર્થ, કોઇ કામમાં ઓછપ યા આળસ અથવા વિશ્વાસઘાત થાય છે અને અમાનતનો અર્થ હકદારને તેનો પુરેપુરો હક (ચાહે તે ભૌતિક હોય કે રૂહાની) પહોંચાડવો અને અદા કરવાનો થાય છે આયતની શાને નઝૂલ વિષે, હઝરત ઇમામ મુહમ્મદ બાકિર (અ.સ.) તથા ઇમામ જાફર સાદિક અલયહિસ્સલામ તથા ઝુહરી વગેરેથી રિવાયત છે, કે: આ આયત અબુલબાના રફાઅહ બિન અબ્દુલ નઝર અન્સારીના બારામાં નાઝિલ થઇ હતી; જેણે બનૂકુરેઝાને આં હઝરતનું રહસ્ય પહોંચાડી દીધું હતું. બનૂકુરેઝા યહુદીઓનો એક કબીલો હતો જે મદીનાની પાસે રહેતો હતો તેઓએ કરાર હોવા છતાં, જંગે અહઝાબ (ખંદક) માં જ્યારે કુરેશ મુશરિકોએ મદીનાને ઘેરો નાખ્યો તો તેઓએ આં હઝરત (સ.અ.વ.) સાથે વિશ્વાસઘાત કરીને કુરેશ મુશરિકોને સાથ આપ્યો. મુશરિકોના ચાલ્યા જવા પછી, આં હઝરતે બનૂ કુરેઝાને ઘેરો નાખ્યો. એકવીસ દિવસ ઘેરો રહ્યો. જ્યારે તેઓ ત્રાસી ગયા તો તેઓએ વિનતી કરી કે મધ્યસ્થી તરીકે અબૂ લબાના, જે તેઓનાજ કિલ્લામાં રહેતા હતો તેને મોકલવામાં આવે. જ્યારે અબૂ લબાનાને મોકલવામાં આવ્યો કે બહાર નીકળો અમે તમારાથી કોઇ ઇકરાર નથી કરતા એ વખતે અબૂ લબાનાએ ગળા તરફ ઇશારો કરીને તેઓને કત્લ કરવાના બારામાં હુઝૂર (સ.અ.વ.) નો ઇરાદો દર્શાવી દીધો, જે ખયાનત હતી.

આ આયતની શાને નૂઝૂલના બારામાં બીજી પણ રિવાયતો છે; પરંતુ કુઆર્નની આયત, જ્યાં એક રીતે કોઇ ખાસ

પ્રસંગે નાઝિલ થવાના કારણે તેને શાને નઝૂલ કહેવામાં આવે છે, ત્યાં બીજી દ્રષ્ટિએ પોતાનીજ અપરંપાર હિકમતોની બીના પર, કોઇ ખાસ સ્થળ કાળ સુધી મર્યાદિત નથી હોતી પરંતુ તેનો સંબંધ વિશ્વવ્યાપી અને દરેક જમાનાને માટે હોય છે.

તેથી કરીને આ આયતમાં પણ ખુદા અને રસૂલ જેમનો આ પવિત્ર આયતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો સંબંધ દરેક જમાનાથી અને દરેક જમાનાની ઉમ્મતથી છે અને તે પવિત્ર અમાનતો કુર્આનની હકીકત તથા આલે મુહમ્મદની પ્રતિષ્ઠા છે. તો ઇમાનવાળાઓને જોઇએ કે, તે અમાનતોમાં ખયાનત ન કરે યાને એ મુકદ્દસ (પવિત્ર) અમાનતોના માલિક હોવાનો દાવો ન કરે બલ્કે તેમને ખુદા તથા રસૂલની મિલકત સમજે.

હઝરત રસૂલે કરીમે (સ.અ.વ.) બીજી જગ્યાએ એ અમાનતોને બે ભારી ચીજોની ઉપમાં આપી છે અને ભાર પૂર્વક ફરમાવ્યું છે કે અગર તેઓને દ્રઢતાથી પકડી રાખવામાં આવશે તો ઉમ્મત કદી પણ ગુમરાહ નહિ થશે. જે સંબંધે ફરમાવ્યું છે,

"ઇન્ની તારિકુન ફિકુમુસ્સકલૈનિ કિતાબુલ્લાહિ વઇત્રતી અહિલબૈતી; મા ઇન તમસ્સકતુમ બિહિમા, લન–તઝિલ્લૂ બિમ અ'દી અબદન વ લયં યતફર્રકા હત્તા યરદા અલલ હોઝ."

અર્થાંત: "હું તમારી વચ્ચે બે ભારી ચીજો અર્થાંત એક તો અલ્લાહની કિતાબ (કુર્આન) અને બીજી મારી

ઇતરત (પવિત્ર ઇમામો) મૂકી જાઉં છું. અગર તમે એ બન્નેને દૃઢતાથી પકડી રાખશો તો મારા પછી કદી પણ ગુમરાહ થશો નહિ. અને એ બન્ને એક બીજાથી કદી પણ જુદી થશે નહિ, ત્યાં સુધી કે હોઝે કોસર પર પહોંચી જાય."

તો હકીકતમાં ખુદા અને રસૂલની અમાનતો એજ છે અને તેમનામાં ખયાનત કરવાનો અર્થ એ થાય છે કે કોઇ કુર્આનની હકીકત જાણવાનો તથા આલે મુહમ્મદ (સ.) નો મરતબો કે જે મરતબો ઇમામત છે તેના પર બેસી જવાનો દાવો કરે અને તે વાતનો દાવો કરવો એ બન્ને ભારી ચીજોના દરજ્જાને ઓછો કરવા બરાબર છે.

અને અમાનતનો મતલબ એ છે, કે ઇમાનવાળા અને મોમિનો બધાજ દીની તથા દુનિયવી મામલાઓમાં હિદાયતના એ બેઉ મુખ્ય ઝરણાંઓથી લાભ મેળવી શકે અને ખોટી રીતે ઇલ્મ, હિકમત તથા ઇમામતના મરતબાનો દાવો ન કરે. એ કારણે કે કુર્આને શરીફની હિકમત જાણવાની પ્રતિષ્ઠા, માત્ર આલે મુહમ્મદનીજ છે.

એ પછી "વ તખૂનૂ અમાનાતિકુમ" યાને કે અને ન તો તમારી પોતાની અમાનતોમાં ખયાનત કરો. એમાં પહેલો પ્રશ્ન તો જાહેરી અમાનતોનો છે કે જો અગર એક બીજાની પાસે અમાનત રાખે તો એમાં એક બીજાને નુકસાન નહિ પહોંચાડવું જોઇએ. અને બીજા પાસાનો સંબંધ, પછી ઇમામે ઝમાનની ઇતાઅતથી છે અને તેમના મરતબાથી પરિચિત થવાનો છે. તેથી કરીને, કોઇ માણસ કુર્આન જાણવાનો દાવો

કરે, કે જે ઇમામનો મરતબો છે, તો જાણે તેના પોતાનો હક પણ ઉચાપત થયો. અર્થાત તે પોતાની અમાનતમાં ખયાનત કરે. તે એ કારણે કે ઇમામે ઝમાનની તાબેદારીમાં દરેક મોમિનને માટે રૂહાની દરજ્જાઓ છુપાયેલા છે જે તેમની (ઇમામની) ઇતાઅત પર તેઓને મળી શકે છે પરંતુ અગર કોઇ, ઇમામની ના ફરમાની કરે અને તેમના મરતબાનો દાવો કરે, તો ઇમામે ઝમાનની ઇતાઅતના પરિણામે જે રૂહાની દરજ્જાઓ તથા જે ઇલ્મ અને હિકમતની અખુટ દૌલત તેને મળવાવાળી હતી એ આપમેળે અટકી જશે અને એ રીતે ઇમામે ઝમાન કે જેઓ ઇલ્મ તથા હિકમતના પવિત્ર બાબ (દરવાજા) છે, તેમની નાફરમાનીને કારણે, તેમના સુધી પહોંચી ન શકવાથી, એ માણસ (નાફરમાની કરનાર) વંચિત રહી જશે.

તો એજ અર્થમાં, હઝરત પયગમ્બર અલયહિસ્સલામની મશહુર હદીસ છે, કે "અના મદીનતુલ ઇલ્મ વ અલીય્યુમ બાબુહા;" "યાને હું ઇલ્મનું શહેર છું અને હઝરત અલી તેના દરવાજા છે." વળી ફરમાવ્યું "અના દારૂલ હિકમતિ વ અલીય્યુમ બાબુહા" યાને "હું હિકમતનું ઘર છું અને અલી તેના દરવાજા છે." એ પછી ફરમાવે છે કે; "મન અરાદલ ઇલ્મ ફલયાંતિ મિનલ બાબ;" યાને "જે માણસ ઇલ્મ શીખવાનો ઇરાદો કરે તો તેણે દરવાજાથી દાખલ થવું જોઇએ." સારાંશ કે કુર્આનનું ઇલ્મ અને હિકમત, ઇમામે ઝમાનની બરકત સભર તાલીમ વગર પ્રાપ્ત નથી થઇ શકતું. રૂહાનિયતના રહસ્યો ઇમામે ઝમાનની ઇતાઅતથીજ પ્રાપ્ત થઇ શકે છે.

આ સંબંધે હઝરત મૌલાના અબ્દુસ્સલામ (અલૈ.) એજ અર્થમાં ફરમાવે છે કે,

બે મકતબ ખાનઇ તાલીમ શાગિર્દી દિલી મિનશવ
અગર ખાહી કે બરરૂયત દરે અસરાર બિકશાયમ

સત્ય તથા મારિફતના મદ્રેસામાં મારા કલ્બ (હૃદય) ના ચમત્કારિક બાતુની ધ્યાનના શાગિર્દ (શિષ્ય) બનીને રહેવું અગર તું એમ ઇચ્છતો હોય, કે હું તારે માટે ઇલાહી રહસ્યોનો દરવાજો ખોલી દઉં.

સારાંશ કે એ રૂહાની તાલીમ પર મોમિનની સદાકાળની નજાતનો આધાર છે અને જે કોઇ માણસ ઇમામે ઝમાનના રૂત્બાનો દાવો કરવાના, અને પોતાને કુર્આનના જાણકાર માનવના ભ્રમમાં ભૂલી ગયો, તો એ ખુદા અને રસૂલની અમાનતમાં ખયાનત થશે અને તેના પરિણામે, તેને પોતાને જે રૂહાની દોલત પ્રાપ્ત થવાની હતી તેનાથી પણ એ વંચિત રહી જશે અને તેનાથી ખુદાવંદ રબ્બુલ ઇઝ્ઝતે મનાઇ ફરમાવી છે.

રબ્બનગ્ફિરલના ઝુનૂબના વ સહહિલ ઉમૂરના વરઝુકના વરહમના ઇન્નક અલા કુલ્લિ શયઇન કદીર

હે અમારા પાલણહાર અમારા ગુનાહોની માફી બક્ષ અમારા કાર્યોને સહેલાં કરી દે અમને (રૂહાની તથા જિસ્માની) રોજી ઇનાયત ફરમાવ અને અમારા પર રહેમ કર. ખરેખર તુંજ સર્વ વસ્તુઓ પર કાદિર (સત્તાધારી) છે.

યાઅલી, યા મુહમ્મદ, યા મુહમ્મદ યાઅલી.

યા ઇમામઝઝમાન, યા મૌલાના અન્ત કુવ્વતી વઅન્ત સનદી વ અલયકત્તિકાલી; યા હાઝિર યા મૌજૂદ યા શાહ કરીમુલ હુસયની અન્તલ ઇમામુલ હકકુલ મુ'મીન.

એ વખતના ઇમામ એ અમારા ધણી! તુંજ મારી શકિત અને તુંજ મારો આધાર છો અને તારા ઉપરજ મને ભરોસો છે, એ હાઝર, એ મૌજુદ, ઇમામ, એ શાહ કરીમ અલ હુસયની, તુંજ હકીકી જાહેર ઇમામ છો.

અલ્લાહુમ્મા લક સુજૂદી વ તાઅતી.

હે અલ્લાહ, મારા સિજદા અને મારી ઇતાઅત તારાજ માટે છે.

★ ★ ★

## ભાગ ૬ ઠો

# તવહીદ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

કુલ હુવલ્લાહુ અહદ અલ્લાહુસ્સમદ લમ યલિદ વલમ યૂલદ વલમ યકુલ્લહુ કુફુવન અહદ.

અર્થાંતઃ (હે રસૂલ) કહી દયો કે તે અલ્લાહતઆલા એક છે અલ્લાહતઆલા બેનિયાઝ છે (બેપરવા) ન તેનાથી કોઇ પેદા થયો ન તે કોઇથી પેદા થયો અને તેના સમાન બીજો કોઇ નથી.

આ સૂરહની શાને નઝૂલ એ છે કે યહુદીઓએ આં હઝરત (સ.અ.વ.)ની ખિદમતમાં હાજર થઇને કહ્યું: તમે તમારા પરવરદિગારની વંશાવળીનું વર્ણન કરો. તો અલ્લાહ તઆલાએ આ સૂરહ નાઝિલ ફરમાવી.

આ સૂરહનું નામ સૂરહ ઇખ્લાસ છે અને ઇખ્લાસનો અર્થ અરબીમાં થાય છે પાક કરવું. એ કારણે કે આ સૂરામાં દીનને બુતપરસ્તીની ગંદકી, મુશ્રિકોના વાકયો અને નાસ્તિકો

વગેરેના મઝહબોની મલિનતા તથા અંધકારથી પાક કરવામાં આવી છે એ કારણે કે તેમાં સુક્ષ્મ તથા સ્પષ્ટ અર્થાત શારીરિક અને રૂહાની પ્રકારની સૃષ્ટિઓના ગુણધર્મોને તૌહીદ (અલ્લાહની એકયતા) થી દુર કરી દેવામાં આવ્યા છે.

સૈયદના પીર નાસિર ખુસરવ (ક.સ.) ફરમાવે છે કે જેવી રીતે કલિમાએ ઇખ્લાસ (લા ઇલાહ ઇલ્લલ્લાહ) દીને ઇસ્લામનો આરંભ છે અને તેનું સ્થાન ઇસ્લામના દરવાજાની કુંચી સમાન છે એજ રીતે સૂરહ ઇખ્લાસ આખા કુર્આનના સારતત્વરૂપે છે જે આખરમાં નાઝિલ થયેલ છે કે જેથી દીનનો દરવાજો ખોલવાનું અને બંધ કરવાનું બન્ને પાકીઝગીથી થઇ શકે.

પરંતુ બધા કામ અને બધી વસ્તુઓ પહેલા તો શકિત મર્યાદામાં થાય છે અને જે કંઇ શકિત મર્યાદા પ્રમાણે થાય છે એ નિર્બળ હોય છે અને છેવટે કાર્ય મર્યાદામાં આવીને શકિતશાળી બની જાય છે એવીજ રીતે કલિમએ ઇખ્લાસ શહાદતની રૂએ હદ્દે કુવ્વત (શકિતની સીમા) માં છે અને સુરએ ઇખ્લાસ હદ્દે ફેઅલ (કાર્ય મર્યાદા) માં છે.

તો એનું સ્પષ્ટિ કરણ આ પ્રમાણે કરવામાં આવ્યું છે કે કુલહુ વલ્લાહુ અહદ (હે મુહમ્મદ સઅઅમ) કહી દયો કે તે ખુદા એક છે એની તાવીલ આ છે કે "હુવ" થી ખુદાવંદ તઆલાનો ભાવાર્થ એક કલમો છે જે નિર્બળ હુવીય્યત (તત્કાર–તે પણું) છે અને હુવીય્યતને માટે હકીકત વિના કોઇ

ઉપાય નથી. અર્થાંત એજ બુલંદ કલમો ખુદાની હુવીય્યત અને હકીકત છે.

અને અહદનો ભાવાર્થ છે ખુદાવંદતઆલાની હુવીય્યત માનુષી ગુણોથી પાક અને અજોડ છે અને એવી દરેક ચીજોથી પણ પાક અને અજોડ છે જેની કોઇ જોડી હોય છે. અને ખુદાવંદતઆલા એવી પ્રકૃતિવાળા નામોથી ઓળખાવાથી પણ સર્વોચ્ચ છે, જેમાં કોઇ પણ જાતનો વિરોધાભાસ અથવા મતભેદ હોય દા. ત. મકાની, લામકાની, સામાન્ય નામ તથા સર્વનામ.

અસ્મદનો ભાવાર્થ સરદારી થાય છે. એ સૌથી મોટો સરદાર છે જેના ઉપર કોઇ ન હોય અને જેના તરફ લોકો પોતાની હાજતો માટે રજુ થતા હોય અને પોતાના કામ તેની પાસે પહોંચાડતા હોય અને કહેવાય છે કે ખુદાતઆલા માટે પણ એજ અર્થમાં આ શબ્દ વપરાયો છે અર્થાંત ખુદાના સિફાતી (ગુણવાચક) નામોમાં સમદનો અર્થ એ કારણે ઉપયોગમાં લેવામાં આવ્યો છે કે એજ તમામ હાજતોનો ઉદ્દેશ પૂરો કરવાવાળો છે અને તમામ અપેક્ષાઓની અપેક્ષા ધારણાઓની ધારણા, અને તમામ સરદારોનો સરદાર, ન તેનાથી કોઇ વધારે ઉચ્ચ સરદાર છે અને ન તો કોઇ તેની બરાબર છે અને તેનો કોઇ અદ્રશ્ય મકસદ છે બલ્કે એજ તમામ સૃષ્ટિઓના જીવાત્માઓની આખરી અભિલાષા છે અને તમામ મુશ્કેલીઓ તથા દુઃખ અને સંકટોમાં એના તરફજ માણસો ઇરાદો કરે છે અને તેની પાસેજ દુઆ દ્વારા

મદદની માગણી કરે છે અને, તેના સિવાય કોઇ સહાયક કે દુઆ સાંભળનાર ન હોવાથી એજ સમદ છે અર્થાંત આખી દુનિયા દરેક હાલતમાં તેની મોહતાજ અને હાજતમંદ છે પરંતુ એ પોતે કોઇનો મોહતાજ નથી, બલ્કે તેઓથી બેપરવા છે.

લમયલિદ અર્થાંત એની કોઇ ઔલાદ નથી એ કારણ કે ખુદા એક અનાદિ અને અમર સર્વગ્રાહી હકીકત છે એટલે તેને ઔલાદની કોઇ જરૂર નથી અને ઔલાદની જરૂર એક એવી હસ્તીને હોઇ શકે છે જે રૂહાની હોય અને અજરામર ન હોય અર્થાંત વહેદતે વજૂદ (પોતાની ઝાતમાં એક માત્ર હસ્તી) દ્વારા કોઇ એવી વહેદત પેદા નથી થતી. વલમયૂલદ અને ન તે કોઇની ઔલાદ છે કેમ કે એ વહેદત પોતેજ અનાદિ યાને સદાકાળથી છે અને સદાકાળ રહેવાની છે માટે એ કોઇ અન્યથી પેદા થયેલ નથી. બલ્કે તે ખુદા સ્વયંભુ યાને (પોતાની મેળે પેદા થયેલ) છે.

વલમ યકુલ્લહુ કુફુવન અહદ અને ન કોઇ તેની બરાબર છે. વહેદતં વજુદ દરેક દ્રષ્ટિએ પોતાના ગુણો અને પ્રગટીકરણમાં સંપૂર્ણ અને અખંડ હોવાથી તેની સરખામણીમાં બીજો કોઇ પેદા થવાનો સવાલજ ઉભો નથી થાતો અગર એવું હોય તો એવી હાલતમાં અખંડતા અને સંપૂર્ણતા બાકી નહિ રહે.

સૈયદના પીર નાસિર ખિસરવ (ક.સ.) ફરમાવે છે કે અહદ અને સમદના અર્થને લમ યલિદ તથા વલમ યૂલદનું

વાક્ય મોહુક્મ કરી દયે છે. કેમ કે ઉત્પતિ તો જોડકાંની વચ્ચે હોય છે અને એકમથી તો કોઇ જન્મીજ નથી શકતું અને જન્મેલાને એ જોડકાંની સાથે સંબંધ હોય છે જેનાથી તે પેદા થયો હોય. કેમ કે એ તે બન્નેનો ત્રીજો છે અને બારી સુબ્હાનહુ વ તઆલાનું એ જોડકાંઓને પેદા કરવું, કોઇ જોડકાં દ્વારા નહિ કે તે જોડકાંઓને તેની સાથે કોઇ સંબંધ હોય, બલ્કે એ કોઇ એવા "એક" થી થયેલ છે કે કોઇ પણ કારણે તેના ભાગલા અથવા પ્રથકકરણ નથી થઇ શકતું.

★ ★ ★

# પંજતન પાકની મહાનતા

અને

# પવિત્ર ઈમામોનો વંશવેલો

અલ્લાહુમ્મ બિહક્કિક મુહમ્મદિનિલ મુસ્તફા વ અલીય્યીનિલ મુર્તઝા વ ફાતિમતઝઝહરા વલ હસનિ વલ હુસયન.

હે અલ્લાહ (હઝરત) મુહમ્મદ મુસ્તફા અને (હઝરત) અલી અલ મુર્તઝા અને (હઝરત) ફાતિમતુઝઝહરા અને (હઝરત) હસન તથા (હઝરત) ઈમામ હુસયન (અલયહિ-મુસ્સલામ)ના પ્રસાદે.

અલ્લાહુમ બિહક્કિક મૌલાના અલી...વબિહક્કિક મૌલાના વ ઈમામિનલ હાઝિરિલ મઉજુદ શાહ કરીમિલ હુસયનિલ્લ્મના વગ્ફિરલના ઈન્નક અલા કુલ્લિ શયઇન કદીર. વલ હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.

હે અલ્લાહ (હઝરત) મૌલાના અલીને વાસ્તે (અને એક પછી એક બધા પવિત્ર ઈમામો) તથા અમારા હાઝર અને મૌજૂદ ઈમામ, શાહ કરીમ અલ હુસયનીના પ્રસાદે અમારા

પર રહેમ ફરમાવ અને અમને માફી આપી (બખ્શી) દે, બચિત, તું વસ્તુ માત્ર પર કુદરત ધરાવનાર છે અને સર્વ વખાણો અલ્લાહુતઆલાનેજ માટે છે જે સમસ્ત દુનિયાઓનો પાલનહાર છે.

આ પાઠમાં આપણે પંજતન પાક અને બીજા સર્વ સાચા ઇમામો (અલયહિમુસ્સલામ)ના વાસ્તાથી ખુદાવંદતઆલા તરફથી રહેમત અને માફીની માગણી કરીએ છીએ.

અત્રે એ જાણવું જરૂરી છે કે, પંજતન પાક (અલયહિમુસ્સલામ) આં હઝરત સલ્લલ્લાહો અલયહિ વ આલેહિ વસલ્લમના અહેલે બયતને કહેવામાં આવે છે જેમને ખુદાવંદતઆલાએ માનવ જાતની હિદાયતને માટે સમસ્ત દુનિયાઓમાંથી પસંદ ફરમાવ્યા છે અને તેમનાજ પવિત્ર વંશમાં ઇમામતના નૂરની પરંપરા કયામત સુધી ચાલુ રહેવાની છે. એ પાંચ પવિત્ર વ્યક્તિઓ, જાહેરમાં અલગ અલગ દેખાય છે પરંતુ બાતિનમાં અને રૂહાની તેમજ નૂરાની દ્રષ્ટિએ તેમની હકીકત એકજ છે. જેમકે સૈયદ ઇમામ શાહે સતવેણીમાં ફરમાવ્યું છે કે

પંજતન પાકકા ભેદ પીછાણો
પાંચેહી તન સો એક તન જાણો

કુઆર્ને હકીમમાં ખુદાવંદતઆલાએ પંજતન પાક યાને અહેલે બયતે રસૂલ (સ.અ.વ.)ની અપરંપાર મહત્તાનું વર્ણન ફરમાવ્યું છે. તેમજ એ પવિત્ર વ્યક્તિઓની દરેક જાતની પવિત્રતા વિષે ખુદાવંદતઆલા ફરમાવે છે;

ઇન્નમા યુરીદુલ્લાહુ લિયુઝહિબ અન્કુમુર્રિજસ અહલલ બયતિ વયુ તહ્‌હિરકુમ તત્હીરા. ૩૩-૩૩

હે (રસૂલના) અહ્‌લે બયત! ખુદાવંદતઆલા એમ ઇચ્છે છે કે તમારાથી દરેક જાતની અપવિત્રતાને દુર રાખે અને તમને એવી રીતે પાક રાખે જેવા કે પાક રાખવાનો હક છે.

રિવાયત છે કે આ પ્રસંગ આં હઝરત (સલ્લમ) ના પૂનિત પત્ની હઝરત ઉમ્મે સલમા (રહિ) ના ઘરમાં બન્યો છે. આં હઝરતે (સલ્લમ) હઝરત અલી, હઝરત ફાતિમા, હઝરત હસન તથા હઝરત ઇમામ હુસયન (અલયહિમુસ્સલામ) ને બોલાવ્યા અને તેમના ઉપર પોતાની ચાદર ઓઢાડી અને આપ (સ.) પોતે તેમાં દાખલ થઇ ગયા અને પછી ફરમાવ્યું;

હે અલ્લાહ! આ મારા અહેલે બયત છે. તું એમનાથી નાપાકી દુર રાખ અને તેમને પાક પવિત્ર રાખ જેવા કે પાક રાખવાનો હક છે (તફસીરૂલ મુત્તકીન. તફસીરે સાફીના હવાલાથી)

ઉપરોકત આયતથી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે ખુદાવંદતઆલાએ પવિત્ર અહેલે બયત અને તેમની ઝુરિયત-માંથી તાં કયામત થનારા સત્યપૂર્ણ ઇમામોને પાક પવિત્ર બનાવ્યા છે.

એ પછી આપણે એજ પંજતન પાક (અલયહિમુસ્સલામ) ની ઝુરિયતમાં જે સત્યપૂર્ણ ઇમામો પૃથ્વી પટ ઉપર થઇ ગયા છે

(તેમના) અને આપણા હાઝર નાઝર ઇમામ (મૌલાના) શાહ કરીમ અલ હુસયનીના વાસ્તાથી ખુદાવંદતઆલાની રહેમત માંગીએ છીએ. એ સત્યપૂર્ણ ઇમામો (અલયહિમુસ્સલામ) પોત પોતાના (જેમાનામાં) વખ્તમાં નૂરે ઇમામત ધારણ કરનારા અને ઉલીલ અમ્ર હતા, જેમણે ખુદાની હિદાયતના દીવાને સદાને માટે પૃથ્વી પર પ્રકાશિત રાખ્યો અને વિદ્યા તથા હિદાયતની આ શમા, એજ સિલસિલા (વંશવેલા) માં કયામત સુધી ઝળહળતી રહેશે.

એજ પવિત્ર ઇમામોના વંશવેલા તરફ ખુદાવંદતઆલાએ આ આયતમાં ઇશારો ફરમાવ્યો કે;

નૂરુન અલા નૂર યાને નૂર ઉપર નૂર છે. જેનો ભાવાર્થ એ થાય છે કે તમનામાંથી પ્રત્યેક ઇમામ પોત પોતાના જમાનાના ખુદાઇ નૂરના મઝહર (પ્રત્યક્ષ પાત્ર) હતા. શારીરિક રીતે એ તમામ ઇમામો અલગ અલગ દેખાય છે પરંતુ એ બધામાં એકજ ખુદાવંદી પ્રકાશ ઝળહળતો હોવાથી હઝરત ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અલયહિસ્સલાતો વસ્સલામે ફરમાવ્યું છે કે; "ઇમામનું નૂર એકજ છે. તેના સ્વરૂપો અલગ અલગ હોય છે જેમ વીજળીના બલ્બ, બ્લુ, લાલ, પીળા અને લીલા રંગના હોય છે પણ રોશની એકજ હોય છે. તેની અસલિયત એકજ છે, સ્વરૂપો જુદા જુદા હોય છે."

એજ પ્રકારે આજ આપણા હાઝર અને મૌજુદ ઇમામ (નૂર મૌલાના) શાહ કરીમ અલ હુસયની (સલવાતુલ્લાહે

અલયહિ વસ્સલામ) માં પણ એજ ખુદાવંદી નૂર ઝળહળી રહ્યું છે.

અને પછી અમો દુઆની પૂર્ણાહુતી પણ દુઆની શરૂઆત માફક ખુદાના વખાણથીજ કરીએ છીએ એટલે કે અમો શરૂઆતથી અંત સુધી તેનાજ વિચારોમાં ડુબેલા રહીએ છીએ.

એ પછી આપણે "શાહજો દીદાર" (કહીને) પંજો લઇને પોતાના દીન ભાઇ બહેનો સાથે પોતાના રૂહાની સંબંધને તાજો કરીએ છીએ અને એ હકીકતને આપણા દિલમાં પ્રતિપાદિત કરીએ છીએ કે આપણને બધાને ખુદાવંદતલાએ એકજ રૂહમાંથી ઉત્પન્ન કર્યા છે. વળી આપણે આપણા દીન ભાઇ બહેનોને માટે ખુદાના દીદારની પ્રાપ્તિની દુઆ કરીએ છીએ અને શુભેચ્છા રાખીએ છીએ જે સાચી રીતે (આપણા સૌના) જીવનનો ઉદ્દેશ છે

અલ્લાહુમ્મ લક સુજૂદી વતાઅતી.

હે અલ્લાહ મારા સિજદા અને મારી તાબેદારી માત્ર તારાજ માટે છે.

★ ★ ★

COVER DESIGNED BY "ASIATIC"